RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 56* Date: 15.12.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બિહારમાં લઠ્ઠાકાંડઃ ઝેરીલો દારુ પીવાથી ૧૪ લોકોના મોત

## ઝેરી દારૂના કારણે થયેલા મોતના પ્રશ્ન પર મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુસ્સે થયા

પટણા,તા.૧૪

બિહારમાં ફરી એકવાર દારૂના કારણે ૧૪ લોકોના મોત થયા છે. સંબંધીઓ ઝેરી દારૂના કારણે મોતનો દાવો કરી રહ્યા છે, જ્યારે વહીવટીતંત્ર આ અંગે કશું કહી રહ્યું નથી. આ વખતે ઘટના સારણ જિલ્લાના ઈસુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ડોઈલા ગામમાં બની છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં દારુબંધી છે. મશરખ પોલીસ સ્ટેશન વિસ્તારના સંજય સિંહ, વિચેન્દ્ર રાય, અમિત રંજન અને કુણાલ સિંહ, હરેન્દ્ર રામ , રામજી સાહ અને મુકેશ શર્માના મોત થયા છે.સ્થાનિક સ્તરે સારવાર લઈ રહેલા ઘણા લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે.



સોમવારે સાંજે તમામ લોકોએ એક જગ્યાએ દારૂ પીધો હતો. આ પછી મંગળવારથી તેમની તબિયત બગડવા લાગી હતી. તમામને સાંજે મસરખ આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં સારવાર બાદ છાપરા રીફર કરવામાં આવતા ત્રણ લોકોના મોત થયા હતા. મસરખના હનુમાનગંજના રહેવાસી અજય કુમારે જણાવ્યું કે તેણે મુકેશ શર્મા સાથે દોયલા બજારમાં દારૂ પીધો હતો. એવું કહેવાય છે કે દારૂનો જથ્થો દોયલા, બહરૌલી, અમનૌર પહોંચ્યો હતો.

આ ઘટનાના વિરોધમાં રોષે ભરાયેલા ગ્રામજનોએ મૃતદેહ રાખીને મસરખ હનુમાન ચોક સ્ટેટ હાઈવે-૯૦ પર ચક્કાજામ કરી દીધો હતો. સ્થાનિક ગ્રામજનો જિલ્લા પ્રશાસન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. મશરખમાં ગ્રામજનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. નારાજ લોકોને મનાવવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ત્યાં પહોંચી ગયા છે.બિહાર વિધાનસભાના શિયાળુ સત્રના બીજા દિવસે ગૃહમાં ઝેરી દારૂના કારણે થયેલા મોતના પ્રશ્ન પર મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુસ્સે થઈ ગયા. છપરામાં નકલી દારૂના કારણે મોતના મુદ્દે ભાજપના ધારાસભ્યો ગૃહમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. આના પર નીતીશ કુમાર ખૂબ ગુસ્સે થયા અને બૂમો પાડવા લાગ્યા- 'તમે (ભાજપ) લોકો ગંદા કામ કરી રહ્યા છો. દરેકને અહીંથી બહાર કાઢો. હવે તેને જરાય સાંખી લેવામાં આવશે નહીં. તમે લોકો નશામાં ધૂત થઈ ગયા છો. હવે સહન કરવામાં આવશે નહીં. તમે લોકો આખા બિહારમાં ગંદા કામ કરી રહ્યા છો. પહેલા શું કહેતા હતા કે જો તમે સાવધાન નહીં રહો તો બહુ ખરાબ થશે. તમે લોકો દારૂની તરફેણમાં છો. તમે ગંદા દારૂ પીને મરી રહેલા લોકોના પક્ષમાં છો. હું કંઈ બોલતો નહોતો, હવે વધુ પ્રચાર કરીશ.નીતિશ કુમારે વધુમાં કહ્યું કે તમે લોકો પડ્યા છો, તમને કેટલું સન્માન આપવામાં આવ્યું છે, પરંતુ તમે શું કરી રહ્યા છો, તમે તમારી જાતને બરબાદ કરી રહ્યા છો. હોબાળા વચ્ચે સીએમ નીતિશ કુમાર ખૂબ જ આક્રમક દેખાતા હતા. તમે લોકોએ દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી અને આજે તમે દારૂ પીનારાઓને વળતરની માંગ કરી રહ્યા છો. આ પછી વિજય કુમાર ચૌધરીએ કહ્યું કે આ લોકોની સલાહ પર આખા ગૃહે દારૂ નહીં પીવાનો સંકલ્પ લીધો હતો, આજે તેઓ દારૂ પીનારાઓને વળતરની માંગ કરી રહ્યા છે.વિપક્ષના નેતા વિજય સિંહાએ નીતિશ કુમારને ગૃહમાં માફી માંગવા કહ્યું. માફીની વાત સાંભળતા જ મુખ્યમંત્રીએ ફરીથી જોર જોરથી બોલવાનું શરૂ કર્યું. ભાજપના ધારાસભ્ય જય શ્રી રામના નારા લગાવતા રહ્યા. બીજેપી ધારાસભ્ય કુધાની એક ઝાંખી છે, આખું બિહાર બાકી છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર હુમલાખોર હતા. તેમણે ધમકાવીને સદનના સભ્યોને બરબાદ કરવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે જ્યારે દારૂબંધીનો કાયદો લાવવામાં આવી રહ્યો હતો, ત્યારે બધા તેની તરફેણમાં હતા.ગૃહમાં સવાલ પૂછતા તેમણે કહ્યું કે, જ્યારે દારૂબંધીનો કાયદો લાવવામાં આવી રહ્યો હતો ત્યારે તમે પક્ષમાં હતા કે નહીં, જવાબ આપો. મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર ગૃહની અંદર ગુસ્સામાં જોવા મળ્યા, તેમણે સદનના સભ્યોને ભગાડવાની વાત કરી. અધ્યક્ષ તરફ ઈશારો કરીને તેમણે 'ભગાઓ સબકો' કહ્યું. ભાજપના ધારાસભ્યોના ભારે હોબાળા વચ્ચે ગૃહની કાર્યવાહી ૧૫ મિનિટ માટે સ્થગિત કરવામાં આવી હતી.

# આગામી ચુંટણીમાં ગઠબંધનનો પરાજય તો હારનો ટોપલો તેજસ્વી યાદવ પર નાખી શકાય

પટણા,તા.૧૪

બિહારના મુખ્યમંત્રી અને રાજનીતિના માહિર ખેલાડી નીતીશકુમારક હંમેશા તક જોઇ ચોક્કો મારવા માટે જાણીતા છે.આજ કારણ છે કે તે બિહારમાં કયારેય ભાજપની સાથે તો કયારેય રાજદની સાથે ગઠબંધન કરી લે છે પરંતુ ખુદ મુખ્યમંત્રીની ખુરશી પર સતત બની રહે છે.આથી નીતીશકુમારની રણનીતિ જ સમજો કે તે અનેકવાર જદયુથી વધુ બેઠકો લાવનાર રાજદ અને ભાજપના સમર્થન લેવા છતાં મુખ્યમંત્રીની ખુરશી પર પોતે બેસી જાય છે કયારેય પણ તેમણે ગઠબંધનના સાથીને મુખ્યમંત્રી બનવાની તક આપી નથી આ વર્ષ ૨૦૨૫ માટે રાજદ નેતા અને લાલુ યાદવના પુત્ર તેજસ્વી યાદવને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરી નીતીશે ફરી એક મોટો દાવ ખેલ્યો છે તેમણે આ દાવ જાણી જોઇને ખેલ્યો છે.



વર્ષ ૨૦૨૦માં બિહારમાં થયેલ વિધાનસભા ચુંટણીમાં ભાજપે ૭૪ અને રાજદને ૭૫ બેઠકો મળી હતી જયારે નીતીશકુમારની પાર્ટી જદયુને ફકત ૪૩ બેઠકો જ મળી હતી ૨૪૩ વિધાનસભા બેઠકોવાળા રાજયમાં બહુમતિ માટે ૧૨૨ બેઠકોની જરૂરત હોય છે નીતીશકુમારે પહેલા ભાજપ અને અન્યના સહયોગથી સરકાર બનાવી ત્યારબાદમાં તેઓ તેજસ્વીની સાથે ચાલ્યા ગયા.આ પહેલા થયેલ ચુંટણીમાં પણ તેમણે તેજસ્વીની સાથે સરકાર બનાવી હતી પરંતુ મુખ્યમંત્રીની ખુરશી નીતીશે ગઠબંધનના સાથીને કયારેય આપી નહીં આ વખતે પણ રાજદ મોટો પક્ષ હોવા છતાં તેજસ્વીને ફકત નાયબ મુખ્યમંત્રી બનાવ્યા તેજસ્વીને કદાચ આશા રહી હશે કે નીતીશકુમાર ૨૦૨૫ પહેલા પહેલા તેમને પણ મુખ્યમંત્રીની ખુરશી પર બેસવાની તક આપશે પરંતુ નીતીશે એવો ખેલ ખેલ્યો કે તેજસ્વી પણ બોલ્ડ થઇ ગયા અને તેમના ભંવરમાં ફસાઇ ગયા

નીતીશ જો હકીકતમાં તેજસ્વીને મુખ્યમંત્રી બનાવવા ઇચ્છતા હોય તો તે ૨૦૨૩ અથવા ૨૪માં જ તેમને તક આપી શકતા હતાં પરંતુ નીતીશને ખબર છે કે ૨૦૨૫ની ચુંટણીમાં પરિણામ કંઇ પણ થઇ શકે છે.તેજસ્વી તો મુખ્યમંત્રી ત્યારે બનશે જયારે જદયુ અને રાજદના ગઠબંધન સત્તામાં આવશે આ વખતે ૨૦૨૫ની ચુંટણીમાં એન્ટી ઇન્કંબેંસીની અસર પણ થશે.આવામાં જો ગઠબંધન હારી જાય તો તેનો દોષ પણ નીતીશકુમાર પર આવશે નહીં ૨૦૨૫ની વિધાનસભા ચુંટણીમાં હાર થઇ તો સીધી તેના માટે તેજસ્વી જ જવાબદાર ઠેરવાશે આ વખતે ભાજપ બિહારમાં એકલા હાથે ચુંટણી લડશે આવામાં તે તમામ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉતારશે આવામાં ભાજપનો સામનો કરવો ગઠબંધન માટે સરળ રહેશે નહીં જયારે નીતીશકુમાર હવે રાષ્ટ્રીય રાજનીતિમાં આવવા ઇચ્છે છે તેમને ખબર છે કે જો ૨૦૨૪માં જો ભાજપને પૂર્ણ બહુમતિ ન મળે તો ગઠબંધન સરકારમાં તે વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર હશે જો આમ ન થયું તો તેમને વિરોધ પક્ષના સંયોજકની ભૂમિકા તો મળી જ શકે છે કારણ કે સોનિયા ગાંધી પણ હાલ અસ્વસ્થ રહે છે આવામાં તે રાષ્ટ્રીય રાજનીતિમાં બની રહેશે

નીતીશકુમારે તેજસ્વીને આગળ કરી દીધા આમ કરીને તેમણે તેજસ્વીને ભલે જ ખુશ કરી દીધા હોય પરંતુ નીતીશનું આ પાસુ એવું છે કે જે ઇચ્છા ન હોવા છતાં તેજસ્વીને સ્વીકાર કરવું પડી રહ્યું છે જો નીતીશ અત્યારે જાહેરાત ન કરતા તો તેમને ખબર છે કે ગઠબંધનના નેતા અને નાયબ મુખ્યમંત્રી તેજસ્વી તેમના પર ૨૦૨૩ અથવા ૨૪માં જ મુખ્યમંત્રી બનાવવાનું દબાણ બનાવી શકતા હતાં આથી તેમણે ખેલ કરી દીધો.

# કાશી તમિલ સંગમ એક એવો વિચાર જે એક ભારત શ્રેષ્ઠ ભારતને બળ આપે છે : અનુરાગ ઠાકુર

બનારસ,તા.૧૪

કેન્દ્રીય માહિતી પ્રસારણ અને ખેલ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કાશી તમિલ સંગમ એક એવો વિચાર છે જે એક ભારત શ્રેષ્ઠ ભારતને બળ આપે છે.કાશી તમિલ સંગમ હેઠળ આયોજિત ખેલ મહોત્સવના ચોથા દિવસે બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલય (બીએચયુ)માં આયોજિત ક્રિકેટ મેચમાં પોતાના સંબોધનમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલ અનુરાગ ઠાકુરે આ વાત કહી હતી.

ઠાકરે કહ્યું કે વારાણસીમાં કાશી તમિલ સંગમમાં સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનના માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાશી અને તમિલનાડુની વચ્ચે સદી જુની એતિહાસિક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધને પુનર્જીવિત કર્યા છે.તેમણે કાશી તમિલ સંગમ પહેલ માટે વડાપ્રધાનને અભિનંદન પાઠવ્યા હતાં. તેમણે કહ્યું કે કલા સંસ્કૃતિ અને સાહિત્ય તમામ ક્ષેત્રોમાં કાશી અને તમિલનો જે મેળ છે તે હજારો વર્ષ જુનો છે અને તેને ફરી એકવાર જીવંત કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ પર તમિલનાડુના અલગ અલગ ખુણેથી ૨૫૦૦ લોકો ઉત્તરપ્રદેશમાં આવી રહ્યાં છે તથા ખેલોના આયોજનથી યુવાનોમાં એક ઉત્સાહ ભરી દીધો છે.તેમનું કહેવું હતું કે એક મહીના સુધી ચાલનારા કાશી તમિલ સંગમમાં આઠ દિવસ રમતો માટે આપવામાં આવ્યા છે આ પોતાના આપમાં બતાવે છે કે એક ભારત શ્રેષ્ઠ ભારત માટે ખેલ કેટલી મહત્વપૂર્ણ છે તેમના અનુસાર આ આયોજનથી એક નવો અધ્યાય જોડાવ જોવા મળી રહ્યો છે.

ખેલ મંત્રીએ કહ્યું કે મેચ હારવી કે જીતવી મહત્વપૂર્ણ ધરાવતું નથી આ મિત્રતા મેચથી એક બીજાને જાણવામાં મદદ મળશે તેમનું કહેવુ હતું કે ત્યાં સુધી કે જો કોઇ વ્યક્તિ બીજાની ભાષા જાણતો નથી તો પણ તે સંવાદ કરી શકે છે અને તે એક બીજાને જાણી શકે છે.ઠાકરે અમૃતકાળ દરમિયાન વડાપ્રધાન વિજન પર પ્રકાશ નાખ્યો કે આપણે ફકત અધિકારોની ઇચ્છા રાખવી જોઇએ નહીં પરંતુ જવાબદારી પણ લેવી જોઇએ તેમણે કહ્યું કે ગત આઠ વર્ષોમાં વારાણસીમાં જે સ્તરના વિકાસ કાર્યો થયા છે તે પહેલા કયારેય થયા નથી.

# આરબીઆઇના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન ભારત જોડો યાત્રામાં જોડાયા, રાહુલ ગાંધીનો હાથ પકડ્યો

સવાઈમાધોપુર,તા.૧૪

આજે બુધવારે રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'નો રાજસ્થાનમાં ૧૦મો દિવસ હતો આજે બુધવારે સવાઈ માધોપુરના ભાદોતીથી ભારત જોડો યાત્રા નીકળી હતી. રાહુલ ગાંધીની યાત્રા આજે દૌસા જિલ્લામાં પ્રવેશ કરશે. આ યાત્રા સવારે ૧૦ વાગ્યે બામણવાસના બાઢહશ્યામપુરા ટોંડ પહોંચી હતી અહીં મુસાફરો ટોંડમાં બપોરનું ભોજન લીધુ હતું ત્યારબાદ યાત્રાનો બીજો તબક્કો બપોરે ૩:૩૦ વાગ્યાથી શરૂ થઇ હતી આ યાત્રામાં આરબીઆઇના પૂર્વ ગવર્નર એન. રઘુરામ રાજને પણ ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. આ યાત્રા દરમિયાન રાહુલ ગાંધી અને રઘુરામ રાજન વચ્ચે લાંબી વાતચીત થઈ હતી.

યુપીએ સરકારમાં રઘુરામ રાજનને આરબીઆઈના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. રઘુરામ રાજન આર્થિક મુદ્દાઓ પર પોતાના નિખાલસ વિચારો માટે જાણીતા છે.



એન રઘુરામ રાજને રાહુલ ગાંધી સાથે હાથ મિલાવ્યા હતો. રઘુરામ રાજને ભદોતીથી ચાલવાનું શરૂ કર્યું અને રાહુલ ગાંધી સાથે લાંબી ચર્ચા કરી.

નોંધનીય છે કે ભારત જોડો યાત્રામાં વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ સતત જોડાઈ રહી છે. અગાઉ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક લોકો આ યાત્રામાં ભાગ લેવા આવ્યા હતા. આ ઉપરાંત મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલટ, ગોવિંદ સિંહ દોતાસરા અને પ્રતાપ સિંહ ખાચરિયાવાસ પણ રાહુલ ગાંધીની યાત્રામાં સાથે હતા.

તમને જણાવી દઈએ કે મનમોહન સિંહ જ્યારે પીએમ હતા ત્યારે રઘુરામ રાજનને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર બનાવવામાં આવ્યા હતા અને જ્યારથી તેઓ સત્તામાં આવ્યા છે ત્યારથી રાજન ખુલ્લેઆમ મોદી સરકારની ટીકા કરી રહ્યા છે. રાજને અનેક વખત કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર પ્રહારો કર્યા છે અને સુધારાની વાત કરી છે. આવી સ્થિતિમાં રાજનની ભારત જોડો યાત્રામાં સામેલ થયા બાદ અને રાહુલ ગાંધી સાથે તાલ મિલાવીને તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે.

# મિશન કર્ણાટકઃ ભાજપની તડામાર તૈયારી,જેડીએસ સાથે ગઠબંધન કરશે

નવીદિલ્હી,તા.૧૪

કર્ણાટકમાં આગામી વર્ષે એપ્રિલમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે નવા ગઠબંધનની શક્યતાઓ તપાસવાનું શરૂ કરી દીધું છે. તે અંતર્ગત પક્ષ વૈચારિક રીતે વિરોધી જેડીએસ સાથે ગઠબંધનની તૈયારી કરી રહ્યો છે. આમ કરીને તેઓ જૂના મૈસૂર ક્ષેત્રની ૮૯ બેઠક (વોક્કાલિગ્ગા બહુમતી)ને સાધવા ઈચ્છે છે. ૨૨૪ વિધાનસભા બેઠક ધરાવતા કર્ણાટકમાં સરકાર બનાવવા માટે ૧૧૩ બેઠકની બહુમતી જોઇએ. ગઇ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને કુલ ૧૦૪ બેઠક મળી હતી. તેમાં ભાજપ જૂના મૈસૂરની ૮૯માંથી ફક્ત ૨૨ બેઠક જીતી શક્યો હતો, જ્યારે કોંગ્રેસે ૩૨ અને જેડીએસએ ૩૧ બેઠક પર વિજય હાંસલ કર્યો હતો. આ પૂર્વ વડાપ્રધાન અને જેડીએસના વડા એચ.ડી. દેવગૌડાનો મતવિસ્તાર પણ છે. અહીં કોંગ્રેસ અને જેડીએસની ટક્કર થાય છે.એ ચૂંટણીમાં ૧૦૦થી વધુ બેઠક જીતીને સૌથી મોટો પક્ષ બન્યો હોવા છતાં ભાજપ અહીં સરકાર નહોતો બનાવી શક્યો. તેનું કારણ એ હતું કે જેડીએસએ કોંગ્રેસને બિનશરતી સમર્થન આપ્યું હતું. સૂત્રો મુજબ, હવે ભાજપ અહીં તેની નબળાઈઓ પર ધ્યાન આપવા માંગે છે, જેથી જૂના મૈસૂર વિસ્તારની ૮૦%થી વધુ બેઠક જીતી શકે. ભાજપના એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે અહીંની ચૂંટણીનું એક મોટું ફેક્ટર સેન્ટિમેન્ટ છે. ખાસ કરીને સ્થાનિક નેતાઓથી લઈને લોકોનું સેન્ટિમેન્ટ પરિણામોને અસર કરે છે. વર્ષ ૨૦૦૯માં જેડીએસએ ભાજપ, ખાસ કરીને યેદિયુરપ્પાની અઢી-અઢી વર્ષની સીએમ ફોર્મ્યુલા હેઠળ સમર્થન નહોતું આપ્યું, એટલે સરકાર ટકી ના શકી. ત્યાર પછી સહાનુભૂતિ ફેક્ટર યેદિયુરપ્પાના પક્ષમાં રહ્યું અને ભાજપ ચૂંટણી જીત્યો. ત્યાર પછી યેદિયુરપ્પા ભાજપથી અલગ થયા અને ભાજપ ચૂંટણી હાર્યો. ગઇ ચૂંટણીમાં ભાજપે યેદિયુરપ્પાને સીએમ તરીકે પ્રોજેક્ટ કરી લડવી પડી, જ્યારે તેમની ઉંમર ૭૬ વર્ષ હતી. સૂત્રોના મતે, ભાજપે આ નિર્ણય લેવો પડ્યો હતો કારણ કે ભાજપના મુખ્ય મતદારો લિંગાયતોને સાધી શકે એવો યેદિયુરપ્પાથી મોટો કોઈ નેતા તેમની પાસે ન હતો. પછી આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને લિંગાયત સમાજના બસવરાજ બોમ્બઇને સીએ બનાવાયા હતા.

## ભાજપ સંસદીય દળની બેઠકમાં ગુજરાતની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીતનો શ્રેય પીએમ મોદીએ સી આર પાટીલને આપ્યો

નવીદિલ્હી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠકમાં આજે એટલે કે, બુધવારે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મળેલી શાનદાર જીતનો જશ્ન મનાવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન ભાજપના તમામ સાંસદોએ એક સૂરમાં પ્રધાનમંત્રી મોદીને અભિનંદન કર્યા અને ગુજરાત જીતનો ક્રેડિટ આપ્યો હતો. જો કે, ગુજરાત ચૂંટણી જીત્યા બાદ મળી રહેલી શુભકામના પર પીએમ મોદીએ કહ્યું તે, આ જીતનો શ્રેય મને ન આપો. તેમણે કહ્યું કે, આ જીતનો શ્રેય સીઆર પાટિલ સાહેબને જાય છે, જેમણે આટલી મહેનત કરી, જેનાથી પાર્ટી રેકોર્ડ સીટ સાથે વિધાનસભા ચૂંટણીમાં જીત નોંધાવામાં સફળ રહી.

પ્રધાનમંત્રી મોદીએ સીઆર પાટિલના વખાણ કરતા કહ્યું કે, તેઓ ક્યારેય મંચ પર ફોટો નથી પડાવતા, પણ સંગઠન માટે કામ કરે છે. આપને જણાવી દઈએ કે, સીઆર પાટિલ ગુજરાત ભાજપના અધ્યક્ષ છે. ગુજરાતમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૫૬ સીટ જીતી છે. જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ગુજરાતની સ્થાપના બાદ આટલી સીટો જીતનારી ભાજપ એકમાત્ર પાર્ટી છે.

હકીકતમાં જોઈએ તો, સંસદના શિયાળું સત્રમાં આજે એટલે કે બુધવારે પહેલી વાર ભાજપ સંસદીય દળની બેઠક થઈ છે. આ બેઠકમાં તમામે પીએમ મોદીને ગુજરાતની જીતનો શ્રેય આપ્યો હતો. પણ પીએમ મોદીએ સીઆર પાટિલને તેના માટે અસલી હકદાર ગણાવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# સુધારનો સમય

*વિશ્વ સ્તર પર ભારત તરફથી શાંતિ અને આતંકવાદ વિરુદ્ઘ નવી સક્રિયતા સુખદ અને સ્વાગતયોગ્ય છે, જ્યારે કાબુલમાં ચીની નાગરિકોને નિશાનો બનાવવા દુઃખદ અને નિંદનીય છે. ભારતે હંમેશાં આતંકવાદનો ખુલીને વિરોધ કર્યો છે અને સંવાદથી સમાધાન પર ભાર મૂકતું આવ્યું છે. જી-૨૦ની અધ્યક્ષતાથી માંડીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અધ્યક્ષતા સુધી, ભારતના પ્રયાસોમાં આવેલ તેજી બધાનું ધ્યાન ખેંચી રહી છે. ભારતે સુરક્ષા પરિષદને આતંકવાદ વિરુદ્ઘ ફરીથી ચેતવી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે મહાસચિવ એન્ટોનિયો ગુટેરસને પત્ર લખીને સંકલ્પ પત્ર રજૂ કરવાનું કહ્યું છે. અસલમાં ભારત ઈચ્છે છે કે સુરક્ષા પરિષદમાં આતંકને સારા-ખોટામાં વહેંચવાની પરંપરા છોડીને આગળ વધવામાં આવે. ભારતે યોગ્ય જ કહ્યું કે આતંકી કૃત્યોને ધાર્મિક કે વૈચારિક રૂપે વહેંચવાથી આતંકવાદ સામે લડાની સહિયારી વૈશ્વિક પ્રતિબદ્ઘતા ઓછી થાય છે. ખરેખર એવું જ થતું આવ્યું છે. ભારતે વારંવાર કહ્યું છે કે આતંકવાદને એક જ નજરથી જોવો જોઈએ. કોઈપણ દેશને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે તેને ઉત્તેજન ન આપવું જોઈએ. ગત રોજ અફઘાનિસ્તાનની રાજધાનીમાં ચીની કારોબારીઓ રહેતા હતા તે ગેસ્ટ હાઉસ પાસે જોરદાર વિસ્ફોટ અને ગોળીબાર થયો. તાલિબાન ગયા વર્ષે ઓગસ્ટમાં સત્તામાં પાછું આવ્યા બાદ રાષ્ટ્રીય સુરક્ષામાં સુધારનો દાવો કરતું રહ્યું છે, પરંતુ ત્યાં કેટલાય બોમ્બ વિસ્ફોટ અને હુમલા થયા છે, જેમાં આઈએસનો હાથ પણ કહેવાય છે. ત્યાં ગત દિવસોથી ચીનીઓની આવાજાહી વધી છે. અફઘાનિસ્તાનના વિકાસ માટે ત્યાં વિભિન્ન દેશોના વેપારીઓનું આવવું સારી વાત છે, પરંતુ હુમલાખોરોએ જો ચીનીઓને નિશાન બનાવ્યા છે, તો ચીની સરકાર માટે આ ગંભીરતાથી વિચારવાનો સમય છે.*

*ચીન અને અફઘાનિસ્તાનની ૭૬ કિમીની સીમા જોડાયેલી છે અને તેણે તાલિબાન શાસનને માન્યતા નથી આપી, પણ અફઘાનિસ્તાનમાં તેની સક્રિયતા વધી રહી છે. ચીન ત્યાં પૂર્ણ રાજદ્વારી હાજરી રાખનારા થોડા દેશોમાં સામેલ છે. બેજિંગનો એ ભય જૂનો છે કે શિનજિયાંગના સંવેદનશીલ સીમા ક્ષેત્રમાં અલ્પસંખ્યક ઉઈગર અલગતાવાદીઓ માટે અફગાનિસ્તાન એક મંચ બની શકે છે. ચીન આતંકીઓ અને તાલિબાન સાથે શરૂઆતથી જ ઠીકઠાક તાલમેલ બેસાડીને ચાલતું રહ્યું છે. ઉગ્રપંથી સંગઠન તેના ગ્રાહક રહ્યા છે. તેથી જ તે સંયુક્ત રાષ્ટ્રમાં આંતરરાષ્ટ્રીય આતંકવાદીઓને પ્રતિબંધથી બચાવવાની કોશિશ કરતું રહે છે. આતંકવાદી કોઈની સાથે નથી, આતંકવાદને પોષવામાં કોઈનું હિત નથી, તો તેના પ્રત્યે જરા પણ ઉદારતા કેમ રાખવી જોઈએ? ચીન પોતાના દેશમાં આતંકવાદને લોખંડી એડી નીચે કચડી નાખે છે, પરંતુ એવું જ તે દુનિયાના કોઈપણ ખૂણામાં નથી કરતું. કાબુલમાં ગત મહિનાઓમાં રશિયા અને પાકિસ્તાની દૂતાવાસ પર પણ હુમલા થઈ ચૂક્યા છે. હવે ચીનીઓ નિશાના પર આવવા ચીન માટે બોધપાઠ હોવો જોઈએ. અમેરિકા અને રશિયા વારંવાર ભારત પ્રત્યે સમર્થન વ્યક્ત કરે છે, પરંતુ સુરક્ષા પરિષદના સ્થાયી સદસ્યોમાં ફક્ત ચીન એવું છે, જે ભારતને આગળ આવતું જોવા નથી માંગતું. આતંકવાદ વિરુદ્ઘ ભારતને સાથ લેવા અને ઈમાનદારીથી આગળ વધવામાં જ ભલાઈ છે.*

# મોદીરાજ‘: અખબાર અને ચેનલની જાહેરખબરો ૮૦% ઘટી!!

નવીદિલ્હી,તા.૧૪: વર્ષ ૨૦૧૪માં પ્રથમવાર નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન પદે શપથ લીધા હતા ને કેન્દ્રમાં ભાજપની સરકાર બની હતી. વડાપ્રધાન પદે શપથ લીધા બાદ સરકાર દ્વારા પ્રજાના વિકાસ સિવાયના મુદ્દે કરાતા ખર્ચ પર કાતર મુકવા આદેશો છૂટ્યા હતા.હવે કાતર અખબાર અને ઈલેક્ટ્રોનિક મીડિયાની જાહેરખબરમાં પણ મુકાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૪માં અખબાર અને ઈલેક્ટ્રોનિક ચેનલને અપાતી સરકારી જાહેરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ૮૦% કાતર મૂકી દેવામાં આવી છે. જાહેરખબરો પર ફળી વળેલી કાતર ચોક્કસ ટીવી ચેનલ અને સમાચાર પત્રો માટે માઠા સમાચાર છે પરંતુ દેશના લોકો માટે સમાચાર ગણી શકાય છે.માહિતી અને પ્રસારણ મંત્રાલયે સંસદમાં આપેલા જવાબમાં સરકાર પ્રિન્ટ અને ટીવી જાહેરાતો પર સાત વર્ષ પહેલાં જે કંઈ કરતી હતી તેના અડધા કરતાં પણ ઓછો ખર્ચ કરી રહી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારે વિદેશી મીડિયાને અગાઉ આપવામાં આવતી જાહેરખબરો પર સંપુર્ણ રોક લગાવી દીધી છે.મંત્રાલયે જાહેર કર્યુ કે ૨૦૧૪-૧૫ માં સરકારે પ્રિન્ટ અને ટીવી ચેનલોની જાહેરાતો પર અનુક્રમે રૂ. ૪૨૪.૮૪ કરોડ અને રૂ. ૪૭૩.૬૭ કરોડ ખર્ચ્યા હતા, જ્યારે બીજા જ વર્ષે સરકારે રૂ. ૫૦૮.૨૨ કરોડ અને રૂ. ૫૩૧.૬૦ કરોડ ખર્ચ્યા હતા. વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રિન્ટ જાહેરાતો પર આશરે રૂ. ૪૬૮.૫૩ કરોડ અને ટીવીમાં રૂ. ૬૦૯.૧૫ કરોડનો ખર્ચ કર્યો હતો, જે આગલા વર્ષે વધીને રૂ. ૬૩૬.૦૯ કરોડ અને રૂ. ૪૬૮.૯૨ કરોડ થયો હતો. તે ૨૦૧૮-૧૯માં ઘટીને રૂ. ૪૨૯.૫૪ કરોડ અને રૂ. ૫૧૪.૨૮ કરોડ થઈ હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં ખર્ચ ઘટીને રૂ. ૨૯૫.૦૫ કરોડ અને રૂ. ૩૧૭.૧૧ કરોડ થઈ ગયો હતો.વર્ષ ૨૦૨૦-૨૧ માં સરકારે પ્રિન્ટ જાહેરાતો પર લગભગ રૂ.૧૯૭.૪૯ કરોડ અને ટીવી માટે રૂ. ૧૬૭.૯૮ કરોડનો ખર્ચ કર્યો હતો તે વર્ષોમાં કોવિડમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ગયા વર્ષે તે રૂ. ૧૭૯.૦૪ કરોડ અને રજ. ૧૦૧.૨૪ કરોડે પહોંચી ગયો હતો.

ચાલતી પકડ

શ્વાન જેમ પૂંછડી પટપટાવ નહીં,
પ્રેમ ન કર તો પછી ચાલતી પકડ.
હાથમાં કોરડા છે, કોરડા પડશે,
રહેમ ન કર તો પછી ચાલતી પકડ.
તમે પૃથ્વી પર શું કામ મોકલ્યો છે ?
કર્મ ન કર તો પછી ચાલતી પકડ.
કેટકેટલા ઘાવ શરીર પર દેખાય છે,
મલમ ન કર તો પછી ચાલતી પકડ
તમાકુની તલબ કેટલી તીવ્રતમ છે?
ચલમ ન કર તો પછી ચાલતી પકડ.
કવિતા સાંભળીને કાન પાકયા છે ,
ફરક ન કર તો ભરત ચાલતી પકડ
ભરત વૈષ્ણવ
૧૪.૧૨.૨૦૨૨.

# કોરા રે પેપરે અમે પાસ થયા રે લોલ !!

કોરી આન્સરશીટ લઈને આજીવન વિધાર્થીભાવ આત્મસાત કરનાર( એટલે કે પરીક્ષામાં નાપાસ થનાર બુદ્ધિમાન)રાજુ રદી મારા ઘરમાં પ્રવેશ કર્યો.

“ગિરધરભાઇ . પરીક્ષાના પેપરમાં સ્વચ્છતાના કેટલા માર્ક હોય?” રાજુએ સળગતા સવાલનો કાકડો કાઢ્યો.

“ કેમ રાજુ તારે આની સાથે શું લેવાદેવા? તે તો દરેક ધોરણમાં ડાંડી મારી છે” મેં કહ્યું.

“ ગિરધરભાઇ. તમે સવાલ ઉડાડો નહીં . જવાબ આપો.” રાજુએ નારાજગી જતાવી.

“ જો, રાજુ.૧૦૦ માર્કના પેપરમાં સ્વચ્છતાના ૧૦ માર્ક હોય!” મેંકહ્યુ.

“ ગિરધરભાઇ પેપર સાવ કોરું મુકીએ તો કેટલા માર્ક મળે?” રાજુએ પ્રશ્ન દોહરાવ્યો.

“ પેપરમાં કશુંક લખ્યું હોય તો માર્ક મળે.આખું પેપર કોરૂં મુકયું હોય તો ભમરડો મળે, લખોટા!!” મેં ગુસ્સે થઈને રાજુને ખખડાવ્યો.

“ ગિરધરભાઇ. તમારા જમાનામાં ઓલ્ડ એસએસસી( જુનું અગિયારમું ધોરણ) મા મધર ઈન્ડિયા કે સંતુ રંગીલીની ઈસ્ટોરી લખીને પરીક્ષાની વૈતરણી પાર પાડનારા કલાકારો ઘણા હતા.” રાજુએ જૂનો સોનેરી ઈતિહાસના તાણાવાણા ખોલ્યા.

“ રાજુ. એ જમાનામાં પ્રશ્નપત્રની આન્સરશીટમાં ઉતારીને પણ ઘણા પાસ થઈ જતા.” મેં કહ્યું

“ કોલેજની પરીક્ષામાં મેઈન ઉપરાંત સપ્લીમેન્ટરીઓ ભરીને પેપરના લખેલા પાના જેટલા માર્ક મળતા. મજાકમાં એવું પણ રહેવાતું હતું કે યુનિવર્સિટીમાં ગોખલા બનાવેલા છે. પેપર તપાસનાર પેપરનો ગોખલામાં ધા કરે અને પેપર ગોખલામાં રહી જાય તે પાસ. ગોખલામાંથી પેપર નીચે પડે તો નાપાસ!! ઘણા ઉદારચરિત અને ઉધારચરિત્ર પરીક્ષક પેપર પર પાસિંગ માર્ક લખી પેપર તપાસવાનું શરૂ કરે અને પાસિંગ માર્કથી વધારે માર્ક આવે તો ખરેખરા માર્ક મુકે અને જો પાસિંગ કરતાં ઓછા આવે તો માર્ક ઘટાડે નહીં.” રાજુએ પેપર તપાસનારની માનસિકતા વર્ણવી.

“ રાજુ. કેટલાક દાયકા પહેલાં હાયર સેકન્ડરી સાયન્સ સ્ટ્રીમનો હાઈ પ્રોફાઈલ કેસ ટોક ઓફ ધ ટાઉન બનેલો. એક છોકરીને પ્રેકટીકલમાં પૂરેપૂરા માર્ક મળેલા, પરંતુ , થિયરીકલ પરીક્ષામાં અંડા મળેલા. છોકરીના બાપા શિક્ષણ બોર્ડની ઓફિસે હાંફળાફાંફળા થઈને આવ્યા. તે કહેવા લાગ્યા કે મારી દીકરીએ ખૂબ લખ્યું છે છતાં કેમ ઝીરો મળેલ છે?રીચેકિંગની ફી ભરી પેપર ખોલાવ્યા!!છોકરીના બાપાને પેપર બતાવ્યા.

છોકરીના બાપાના પગ નીચેની જમીન ખસી ગઈ.પેલી છોકરીએ બધા પેપરમાં ફિઝિકસ, કેમિસ્ટ્રી, બાયોલોજી કે મેથ્સના ક્ષુલ્લક ભેદભાવ વિના અનાસક્ત યોગી કે સાક્ષીભાવે પક્ષપાત વિના,તટસ્થ ભાવે ‘ હરી કા નામ લે,કિનારા મિલેંગા, ગુરૂ કા નામ લે, સહારા મિલેંગા’ આમ લખીને મેઈન અને બે-ત્રણ સપ્લીમેન્ટરી ભરી દીધી હતી.આમાં શકોરા સિવાય શું મળે?”મેં કહ્યું.

“ગિરધરભાઇ. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના બાલસર ગામના વિધાર્થી અને શિશકોએ અનોખો રેકર્ડ બનાવ્યો. વિધાર્થીઓએ વિચાર્યુ કે લખેલું પેપર તો તપાસે એમાં કંઈ ધાડ મારી છે? બધું ગોખીને પેપરમાં લખીને કાગળ બગાડવાથી જિંદગીનું દળદર ફીટવાનું છે.? તમે વકતૃત્વમાં ૧૦ માંથી ૧૦ મળે તો સનદી અધિકારી બનવાનો છો?વિધાર્થીઓએ આવું આધ્યાત્મિક અને દૂરદંશીપણું દાખવીને નેતિ નેતિ ઈતિ જાણીને પેપરમાં કશું લખ્યા વિના આવી ગયા.”રાજુએ અવનવો કિસ્સો કહ્યો.!!

“પછી શું થયું ?રાજુ.” મેં રાજુને પૂછયું.

“ પછી શું થાય? શિક્ષકો પણ ચાર ચાસણી ચડી જાય તેવા નીકળ્યા! તેમને વિધાર્થીઓએ લોકિક રીતે પેપર લખ્યા નથી તેની ખબર હતી.

શિક્ષકોએ ચર્મચક્ષુ નહીં, દિવ્યચક્ષુ નહી, અપિતું, ત્રીજા નેત્રથી પેપર તપાસ્યા. લખ્યા વગરના પેપર અલોકિક શક્તિથી પેપર તપાસ્યા! વન્ડરફૂલ! કોરા પેપર તપાસી માર્ક પણ આપ્યા. પેપરમાં સારા અક્ષરો કાઢવા, મરોડદાર અક્ષરો કાઢવા,શબ્દોની જોડણી સાચી કરવા, વાક્ય રચના બરાબર કરવા જેવી અમૂલ્ય, સોનેરી સલાહ ઠાલી નદીએ પૂર જેમ આપી”રાજુએ કહ્યું

આ મામલો વિધાર્થી-શિક્ષકો વચ્ચેનો મામલો છે. કેટલાક વાંકદેખાઓને કૌભાંડ કે સ્કેમ કે શિક્ષણનો શતમુખી ઘોરતમ વિનિપાત લાગે છે!! પૃથ્વી રસાતાળ જતી જણાય છે!!

ભોગ એના .આપણે શું ? છોકરાં પાસ થાય છે ને? ઉપલા ધોરણમાં કોરાં પેપરની જેમ જાય તેનો શો હરખશોક કરવાનો?

કિશોરદાનું સદાબહાર ગીત યાદ છે? ‘મેરા જીવન કોરા કાગજ કોરા હી રહ ગયા!!!

ભરત વૈષ્ણવ
૧૪.૧૨.૨૦૨૧.# હાસ્ય

# ખુંખાર ગેંગસ્ટરે દિલ્હી પોલીસને ખુલ્લી ધમકી આપી, ૧૨ અધિકારીઓની સુરક્ષા વધારી દેવાઈ

નવીદિલ્હી,તા.૧૪

કેનેડામાં હાજર ગેંગસ્ટર લખબીર સિંહ એ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને ખુલ્લેઆમ ધમકી આપી છે.

હકીકતમાં, સ્પેશિયલ સેલના ૧૨ અધિકારીઓ સિદ્ધુ મૂઝવાલા હત્યા કેસમાં આતંકવાદી કનેક્શનની તપાસ કરી રહ્યા છે. ધમકી મળ્યા બાદ હવે અધિકારીઓને ૨૪ કલાક સુરક્ષા આપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ કમિશનર અરોરાએ સ્પેશિયલ સીપી, હરગોબિંદર સિંહ ધાલીવાલ અને ડીસીપી મનીષી ચંદ્રા અને રાજીવ રંજન માટે વાય-કેટેગરીની સુરક્ષાને મંજૂરી આપી છે. દિલ્હીમાં તેમના નિવાસસ્થાન પાસે સુરક્ષા સઘન કરવામાં આવી છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

મહેરબાની કરીને કહો કે સ્પેશિયલ સેલ દિલ્હી પોલીસની એન્ટી ટેરર યુનિટ છે. હાલમાં, રાજીવ રંજન સ્પેશિયલ સેલના બે યુનિટનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યારે મનીષી ચંદ્રા પોલીસ કમિશનરના સ્ટાફ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સિવાય ચાર એસીપી અને પાંચ ઈન્સ્પેક્ટરને પણ સુરક્ષા આપવામાં આવી છે. હથિયારોથી સજ્જ પોલીસ કમાન્ડો આ તમામની સાથે ચોવીસ કલાક તૈનાત રહેશે.

તરનતારન જિલ્લાના રહેવાસી લખબીર સિંહ લાંડા ૨૦૧૭થી કેનેડામાં છે. લંડા હરવિન્દર રિંડાનો સહયોગી હતો, જેનું પાકિસ્તાનના લાહોરની હોસ્પિટલમાં અવસાન થયું હતું. હરવિંદર રિંડા બીકેઆઈ ચીફ વાધવા સિંહ અને આઈએસઆઈના નજીકના હતા. ગયા મહિને, એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા, લખબીર સિંહ લંડાએ સ્પેશિયલ સેલના અધિકારીઓને ધમકી આપી હતી અને લખ્યું હતું કે, “હું જે વ્યક્તિ વિશે પોસ્ટ કરી રહ્યો છું તે હેપ્પી સંખેરા છે. તે સ્પેશિયલ સેલનો માસ્ટર માઈન્ડ અને આરએડબ્લ્યુ એજન્ટ હતો. અમે તેને યુરોપમાં ઠાર માર્યો. હું દિલ્હી પોલીસને એક વાત કહેવા માંગુ છું. અમારી પાસે તમારા બધાના ફોટા છે.

જો અમે તમને અમારી શેરીઓમાં જોશું તો તે સારી વાત નહીં હોય. નહિ તો અમે તમારા વિસ્તારમાં ઘુસી જઈશું અને તમને માર મારીશું.”

# મધ્યપ્રદેશમાં પણ જુની પેન્શન બહાલ કરવામાં આવશે : કમલનાથ

ભોપાલ,તા.૧૪

કોંગ્રેસની મધ્યપ્રદેશ એકમના વડા કમલનાથે કહ્યું છે કે આદામી વર્ષ યોજાનાર વિધાનસભા ચુંટણીમાં પાર્ટીને જીત મળવા પર તે જુની પેંશન યોજના (ઓપીએસ)પાછી લાવવામાં આવશે જુની પેંશન યોજનાની જગ્યાએ કેન્દ્ર સરકાર ૨૦૨૪માં એક નવી યોજના લાવી હતી અને મધ્યપ્રદેશને પણ આ વિકલ્પ પસંદ કર્યો હતો કમલનાથે ટ્‌વીટ કર્યુયં હતું કે શિવરાજ સરકાર દ્વારા બંધ કરવામાં આવેલી સરકારી કર્મચારીઓની પેંશનને રાજયમાં કોંગ્રેસની સરકાર બનતા જ ફરીથી બહાર કરવામાં આવશે



કમલનાથની જાહેરાતને મહત્વ ન આપતાં ભાજપના સચિવ રનીતિશ અગ્રવાલે કહ્યું કમલનાથનો ઈતિહાસ વચનો પુરો નહીં કરવાનો રહ્યો છે. તેમણે દાવો કર્યો કે કમલનાથ ચુંટણી પહેલા કરવામાં આવેલ વચનોથી પલ્ટી જવા માટે જાણીતા છે અને રાજયમાં તેમના ૧૫ મહીનાના શાસન દરમિયાન જોવા મળ્યું તે સત્તામાં આવ્યા બાદ બદલાઈ ગયા મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ કર્મચારીઓના કલ્યાણ માટે અનેક પગલા ઉઠાવી રહ્યાં છે અને તમામ વચનો પુરા કરી રહ્યાં છે. ભાજપ નેતા રજનીશ અગ્રવાલે આરોપ લગાવ્યો કે કમલનાથે ભાજપ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ અનેક કલ્યાણકારી યોજના રોકી દીધી હતી

જો કે પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની જાહેરાતનું સ્વાગત કરતા નેશનલ મુવમેંટ ઓફ ઓલ્ડ પેંશન સ્કીમની મધ્યપ્રદેશ એકમના પ્રમુખ પરમાનંદ દેહરિયાએ કહ્યું કે મુખ્યમંત્રી ચૌહાણે પણ આ રીતની એક જાહેરાત કરવી જોઈએ તેમણે કહ્યુયં કે અમે કોંગ્રેસની એમપી એકમના પ્રમુખનો આભાર વ્યકત કરીએ છીએ અને મુખ્યમંત્રીથી આગામી બજેટ સત્રમાં રાજયની સરકારી કર્મચારીઓ માટે જુની પેંશન બહાલ કરવાની વિનંતી કરે છે.

તેમણે કહ્યું કે તેમનું સંગઠન આ વિષયને લઈ પ્રદર્શન કરે છે તેમણે કહ્યું કે રાજયમાં તત્કાલિન ભાજપ સરકારે તમામ સરકારી કર્મચારીઓ માટે જુની પેંશન યોજના રદ કરી દીધી હતી જે એક જાન્યુઆરી ૨૦૦૫થી પ્રભાવી થઈ હતી.

# વૈવાહિક બળાત્કારને ગુનો ન ગણતા કાયદાની કાયદેસરતા સુપ્રિમ કોર્ટ ચકાસશે, જાન્યુઆરીના બીજા સપ્તાહમાં સુનાવણી

નવીદિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તે જાન્યુઆરીના બીજા સપ્તાહથી વૈવાહિક બળાત્કારના મુદ્દા પર દાખલ અરજીઓની સુનાવણી શરૂ કરશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તે આઈપીસીની કલમ ૩૭૫ની બંધારણીય માન્યતાની તપાસ કરશે, જે વૈવાહિક બળાત્કારને અપરાધ ગણાવે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કોર્ટમાં નવી રિટ અરજી દાખલ કર્યા બાદ આ નિર્દેશો આપ્યા હતા. વરિષ્ઠ વકીલ સીયુ સિંહે બેન્ચને કહ્યું કે આ મામલે અલગ-અલગ અરજીઓ સુપ્રીમ કોર્ટની અલગ-અલગ બેન્ચ સમક્ષ પેન્ડિંગ છે અને તેની સુનાવણી એક બેન્ચ દ્વારા થવી જોઈએ.

નોંધપાત્ર રીતે, બે જજની બેન્ચે દિલ્હી હાઈકોર્ટમાં વૈવાહિક બળાત્કાર અંગે વિભાજિત ચુકાદો આપ્યો હતો. આ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરવામાં આવી છે. આ સિવાય કર્ણાટક હાઈકોર્ટે એક કેસમાં પોતાની પત્ની પર બળાત્કારના દોષિત પુરૂષને સજા સંભળાવી હતી. આ નિર્ણય સામે પણ કેટલીક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

જયારે એડવોકેટ કરુણા નંદી દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે દાખલ કરાયેલી અરજીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, જ્યારે ઈન્દિરા જયસિંહ કર્ણાટક હાઈકોર્ટના ચુકાદાના વકીલ છે. બંને મંગળવારે સુપ્રીમ કોર્ટમાં હાજર રહ્યા હતા. આ પછી જ બેન્ચે આ મામલાની સુનાવણી જાન્યુઆરીના બીજા સપ્તાહમાં કરવાનો આદેશ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેરીટલ રેપ એટલે કે પત્નીની ઈચ્છા વિરૂદ્ધ પતિ દ્વારા બળજબરીથી થતા સંભોગને પણ ફોજદારી ગુનો ગણવા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની રિટ કરવામાં આવી છે. હાઈકોર્ટે આ અંગે રાજ્ય અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી જવાબ માગ્યો હતો.અરજદારની રજૂઆત હતી કે કોઈ પુરૂષ સ્ત્રીની સંમતિ વગર બળજબરીથી તેની સાથે સંભોગ કરે તો તેને દુષ્કર્મ કે બળાત્કાર કહેવાય છે. આ ગુના હેઠળ આકરી સજાની જોગવાઈ ભારતીય કાયદામાં કરવામાં આવી છે. આઈ.પી.સી.(ઈન્ડિયન પીનલ કોડ)ની કલમ-૩૭૫માં સ્ત્રીઓ પરના બળાત્કારની વિવિધ વ્યાખ્યા અને સમજૂતી આપવામાં આવી છે. જો કે આ કલમ-૩૭૫માં એક અપવાદ પણ છે. આ અપવાદ પ્રમાણે જો પતિ તેની ૧૫ વર્ષથી વધુની ઉંમરની કાયદેસરની પત્ની સાથે બળજબરીથી સંભોગ કરે તો તેના પર દુષ્કર્મનો કેસ નોંધી શકાય નહીં.

અરજદારની રજૂઆત છે કે અપવાદની આ જોગવાઈ સ્ત્રીઓને મળતા સમાન હકો અને બંધારણીય વિભાવનાથી વિપરિત છે. મહિલા કોઈની પત્ની હોય તો પણ તેના શરીર પર માત્ર તેનો અધિકાર છે. શારીરિક સંબંધ બાંધવો કે નહીં તે અંગે નિર્ણય કરવાની તેને સ્વતંત્રતા છે.

આ ઉપરાંત પત્ની સાથે પતિ મારઝૂડ કરે તો કાયદામાં સજાની જોગવાઈ છે પરંતુ પતિ તેની સાથે બળાત્કાર કરે તો સજાની કોઈ જોગવાઈ નથી. તેથી મેરિટલ રેપને ફોજદારી ગુનો ગણવા કોર્ટે સરકારને જરૂરી નિર્દેશો કરવા જોઈએ.

# દિલ્હીમાં ૯૦૦ પાકિસ્તાનીની પોલીસને ખબર જ નથી; બાંગ્લાદેશી-રોહિંગ્યાનો રેકોર્ડ નથી : હવે સર્વે થશે

*નવીદિલ્હી,તા.૧૪*

*આશરે ૯૦૦ પાકિસ્તાનીઓ દેશની રાજધાનીમાં ગેરકાયદેસર રીતે રહે છે, પરંતુ પોલીસને તેમના ઠેકાણાની ખબર નથી. આ સિવાય દિલ્હીમાં કેટલા બાંગ્લાદેશી અને રોહિંગ્યા છે તે પણ પોલીસને ખબર નથી.પાકિસ્તાનીઓ, બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ ઉપરાંત ૫૪૭૭ વિદેશીઓ દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહે છે. હવે દિલ્હી પોલીસ જ-૨૦ કોન્ફરન્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને શોધવા માટે સર્વે કરશે. દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ ગયા અઠવાડિયે યોજાયેલી કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં સર્વે કરવાની મંજૂરી આપી છે.*

*તમામ જિલ્લાના ડીસીપી સર્વે કરશે. દિલ્હી પોલીસના સૂત્રોનું કહેવું છે કે બેઠકમાં દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને લઈને પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. જેમાં એફઆરઆરઓ (ફોરેનર રિજનલ રજીસ્ટ્રેશન ઓફિસ) દ્વારા આપવામાં આવેલ ડેટાની ચર્ચા કરવામાં આવી હતી. રાજધાનીમાં પાકિસ્તાનીઓ, બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ ક્યાં ગેરકાયદેસર રીતે રહે છે તે પોલીસને ખબર નથી.*

*સ્પેશિયલ બ્રાન્ચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ડેટા હ્લઈઈ દ્વારા આપવામાં આવે છે. આ પછી દિલ્હી પોલીસ શોધી કાઢે છે કે ગુમ થયેલા વિદેશીઓ ક્યાં રહે છે. સ્પેશિયલ બ્રાન્ચના એડિશનલ પોલીસ કમિશ્નર રજનીશ ગુપ્તાએ જણાવ્યું કે આ એક રૂટિન પ્રક્રિયા છે. અન્ય એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને શોધી કાઢીને દેશનિકાલ કરવામાં આવશે. તે જ સમયે, સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા ૯૦૦ પાકિસ્તાનીઓ સુરક્ષા માટે મોટો ખતરો બની શકે છે.*

# કેટલાક લોકો માટે દેશથી વધુ પોતાની રાજનીતિ જરૂરી : પુષ્કર સિંહ ધામી

દહેરાદુન,તા.૧૪

ઉત્તરાખંડના મુખ્યમંત્રી અને ભાજપના નેતા પુષ્કર સિંહ ધામીનું તવાંગ મામલાને લઈ થઈ રહેલ ટીપ્પણીઓની એક નિવેદન સામે આવ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે કેટલાક લોકો દેશની સેનાની વીરતા પર હંમેશા સવાલ ઉઠાવતા રહ્યાં છે.તેમણે કહ્યું કે આ લોકો માટે દેશથી વધુ પોતાની રાજનીતિ જરૂરી છે.આથી હું એવા લોકો પર વધુ ટીપ્પણી કરીશ નહીં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની આ ટીપ્પણી એઆઈએમઆઈએમ પ્રમુખ અસદ્દુદીન ઓવૈસીના તવાંગ મામલા પર આપેલ નિવેદન બાદ આવ્યું છે. હકીકતમાં ઓવૈસીએ તવાંગ મામલા પર એક નિવેદનમાં કહ્યું હતું કે દેશના વડાપ્રઘાન રાજનીતિક નેતૃત્વના મામલામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે આ અથડામણ નવ તારીખે થાય છે અને તમે સંસદમાં આજે બતાવી રહ્યાં છો તેમણે કહ્યું કે જો મીડિયાએ તેના પર વાત ન કરી હોત તો તમે પણ ચુપ બેસી ગયા હોત.

# કોરોના વોરીયર્સના વીમા અંતર્ગત ૨૩૦૨ દાવામાં ૫૦-૫૦ લાખ રૂપિયા ચૂકવણી કરાઈ: કેન્દ્ર

નવીદિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે સંસદને જણાવ્યું કે, કોરોના સામે લડનારા આરોગ્ય કર્મચારીઓ માટે વીમા યોજના અંતર્ગત ૫૦-૫૦ લાખ રૂપિયાના ૨૩૦૨ દાવા મંજૂર કરાયા છે અને તેમાંથી ૪૬૫ દાવા ડોક્ટરોના પરિવારોથી સંબંધિત છે. કેન્દ્રીય આરોગ્ય રાજ્ય મંત્રી ભારતી પ્રવીણ પવારે એક પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યસભાને માહિતી આપતા જણાવ્યું હતું કે, બિહારમાં ડોક્ટરોના પરિવારોને ૫૩, ઉત્તર પ્રદેશમાં ૬૪, મહારાષ્ટ્રમાં ૪૩, કર્ણાટકમાં ૩૮, તમિળનાડુ અને આંધ્ર પ્રદેશમાં ૩૭-૩૭ દાવાઓની ચૂકવણી કરવામાં આવી છે.

પવારે કહ્યું કે, ભારત સરકાર રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો તરફથી મળેલી જાણકારીના આધાર પર કોવિડના કુલ મામલાઓ અને તેનાથી થયેલા મોતોનો આંકડાનો રેકોર્ડ પોતાની પાસે રાખે છે. ઉલ્લેખનીય છે કે, કોવિડ-૧૯ સામે લડનારા આરોગ્ય કર્મચારીઓ માટે વીમા યોજના-વડાપ્રધાન ગરીબ કલ્યાણ પેકેજ (સ્દ્ભ)ને ૩૦ માર્ચ, ૨૦૨૦થી લાગુ કરવામાં આવ્યું હતું, જેથી કોવિડ-૧૯ના દર્દીઓ સાથે સીધા સંપર્ક આવતા તેમજ દેખરેખમાં સામેલ સામૂહિક આરોગ્ય કર્મચારીઓ સહિત લગભગ ૨૨.૧૨ લાખ હેલ્થ વર્કર્સને ૫૦ લાખ રૂપિયાનું વ્યાપક જીવન વીમા સુરક્ષા કવચ આપી શકાય.

ભારત સહિત વિશ્વભરમાં કોરોનાએ ભારે કહેર વરસાવ્યો હતો અને હજુ પણ તે સંપૂર્ણપણે નાબૂદ થયો નથી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOS SS No :-0038
વિષય :-સહેલગાહ
વિભાગ :પદ્ય
શીર્ષક:-સુખની શોધમાં

-----------------------------------------

રોજ ચગડોળે ચડેને રાતે થંભી જાય,
નિંદમાં હોય ત્યારે માનવ જપી જાય.
દોડ્યા કરે સુખની શોધમાં આમતેમ,
લોહાની જેમ લાલચોળ થઈ તપી જાય.
ક્યાંથી બાંધી લાવું રૂપિયાની ગઠડી,
લાલચના ઝાડને રોજ એ માપી જાય.
દિલમાં સજાવી સ્વપ્ન મોટા ગજાના એ,
કરે લાલચનો વિરોધને પાછો સંપી જાય.
કેટકેટલી ઈચ્છાઓ ભરી ચડે ચગડોળે,
ગોળગોળ ફરવામાં આખરે ખપી જાય.
શીલાપટેલ ×આકાંક્ષા×.

-----------------------------------------

NOG SS No-106
NOG-સાહિત્ય સરિતા-ગ્રુપ
વિષય:- સહેલગાહ
શીર્ષક:- 'જિંદગાની મારી'
પ્રકાર:-પદ્ય
શબ્દ:-૫૦

-----------------------------------------

સહેલગાહ ..

આ જિંદગાની મારી..!
હતી જ્યાં,તું હતો.
ત્યાં હું તારી..
ગલીએ ગલીએ ઘૂમતી
શેરીએ શેરીએ ભમતી..
ઊંચા-નીચા,ઉબડ-ખાબડ
રસ્તે રસ્તે શોધતી
પહાડોની ટેકરી ઉપર -
ઘૂમતી હતી
તે ગલીએ,
નદીએ,દરીએ
સુખ/દુઃખના ઝંઝા મધ્યે.
મંજિલ મંજિલ માણી લઈને..
પસાર થતી ..
જતી રહી એ ક્ષણો.
મારી એવી હતી
જિંદગીની સહેલગાહમાં
તુજને જોતી..
મુક્તિદા કુમાર
'મનચલી'
મુંબઈ-મહારાષ્ટ્ર

# સુરતઃ આર્મીની ગુપ્ત માહિતી પાકિસ્તાનને મોકલતો ગદ્દાર ઝડપાયો

સુરત,

સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે ડિંડોલીમાં આઈએસઆઇના એજન્ટો સાથે સંપર્ક ધરાવતા શખ્સને ઝડપી લેતા સ્ટેટ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ તપાસમાં ઝંપલાવ્યું. સુરતના ડિંડોલી યોગેશ્ર્વર પાર્ક સોસાયટીમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક શંકાસ્પદ ઈશમને ઝડપી કરેલી પૂછપરછમાં તે પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઈએસઆઇના બે એજન્ટના સંપર્કમાં હોવાનું અને ભારતી આર્મીની કેટલીક અતિ ગુપ્ત માહિતી સોશ્યલ મીડિયાના માધ્યમથી મોકલી તેના બદલામાં પાકિસ્તાનથી દેશના ગદારના બેક્ર એકાઉન્ટમાં ક્રિપ્ટો કરન્સીના પેમેન્ટના પ્લેટફોર્મ યુએસડીટી દ્વારા રૂા.૭૫,૮૫૬ ટ્રાન્સફર થયાનું બહાર આવતા પોલીસ સ્ટાફ ચોકીં ઉઠયો છે. સુરતથી ઝડપાયેલા દેશદ્રોહીના બેક્ર એકાઉન્ટ, બે મોબાઇલ કબ્જે કરી સ્ટેટ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સી દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

સુરતના ડિંડોલી યોગેશ્ર્વર પાર્ક સોસાયટીમાં સાંઇ ફેશન નામની કપડાની દુકાન ચલાવતા દિપક સાળુકે નામના શખ્સની શંકાસ્પદ પ્રવૃતિ અંગેની સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળતા બે દિવસ પહેલાં તેની અટકાયત કરવામાં આવી હતી. દિપક સાળુકેની પૂછપરછ દરમિયાન તે મુળ મહારાષ્ટ્રનો વતની હોવાનું અને કોરોનાના કારણે કાપડનો ધંધો પડી ભાંગતા તેને મની એકસચેન્જનો વ્યવસાય શરૂ કર્યો હતો તે દરમિયાન તેને છ માસ પહેલાં પૂનમ શર્મા નામના ફેસબુક આઇ ચેટ કર્યુ હતી. પૂનમ શર્મા ફેક આઈડી હોવાનું અને પોતે પાકિસ્તાનના આઈએસઆઇ એજન્ટ હમીદ અને કાશિફ હોવાનું જણાવ્યું હતું.પાકિસ્તાન જાસુસી સંસ્થા આઈએસઆઈને ભારતીય આર્મીની ગુપ્ત માહિતી મોકલવા જણાવી આર્થિક લાભની ઓફર કરવામાં આવતા દિપક સાળુક પાકિસ્તાન આઈએસઆઇના એજન્ટની ઓફરથી આકર્ષિત થઇ દેશનો ગદાર બની ભારતીય આર્મીની ઈન્ફ્રન્ટ્રી, રેજીમેન્ટ, આટીલરી અને બ્રિગેડની અતિ ગુપ્ત માહિતી ડાઉન લોડ કરી ફેશબુક અને ઈન્ટાગ્રામ દ્વારા માહિતી મોકલી હતી.

# દિલ્હીમાં યુવકે વિદ્યાર્થિની પર એસિડ ફેંક્યું,૧૭ વર્ષિય સગીરા નાની બહેન સાથે જઈ રહી રહી

નવીદિલ્હી,તા.૧૪

દિલ્હીના દ્વારકામાં એક છોકરાએ એક શાળાની વિદ્યાર્થિની પર એસિડ વડે હુમલો કર્યો.એક રિપોર્ટ અનુસાર, આ ઘટના આજે સવારે ૯ વાગ્યાની આસપાસ બની હતી. આ પછી બાળકીને સફદરગંજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. પોલીસને સવારે ૯ વાગે મોહન ગાર્ડન પાસે વિદ્યાર્થિની પર એસિડ ફેંકવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીની ઉંમર ૧૭ વર્ષ છે. તે તેની નાની બહેન સાથે ઊભી હતી. ત્યારે બાઈક સવાર બે યુવકોએ તેના પર એસિડ ફેંક્યું હતું. વિદ્યાર્થિનીએ બે છોકરાઓ પર શંકા વ્યક્ત કરી છે. આ કેસમાં પોલીસે એક શકમંદની અટકાયત કરી છે.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ફૂટેજમાં જોઈ શકાય છે કે બે યુવકો બાઈક



પર આવે છે અને વિદ્યાર્થિની પર એસિડ ફેંકે છે. બંને યુવકોએ મોઢા ઢાંકેલા હતા. આ પછી બંને બાઈક પર ફરાર થઇ ગયા હતા. પોલીસ આ યુવકની શોધખોળ કરી રહી છે.

છોકરીના પિતાએ મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું કે, દીકરી હાલત ગંભીર છે. તેમણે કહ્યું, 'મારી દીકરીઓ એક સાથે ઘરથી બહાર નીકળી હતી. એસિડ ફેંકનારા બંને આરોપીઓના મોઢા ઢાંકેલા હતા.' અત્યારે સફદરગંજ હોસ્પિટલમાં પીડિતાની સારવાર ચાલી રહી છે. પોલીસનું કહેવું છે કે સવારે આ ઘટના અંગેની જાણકારી મળી હતી. પીડિતાની બહેને બે પરિચિતો પર શંકા વ્યક્ત કરી છે. પોલીસે તેમાંથી એકની ધરપકડ કરી છે અને બીજાની શોધખોળ હાથ ધરી છે.

ઘટનાની માહિતી મળતાં જ દિલ્હી મહિલા આયોગ એ પોલીસને નોટિસ પાઠવી છે. ઢઝઉ ચીફ સ્વાતિ માલીવાલે ટ્વીટ કર્યું કે પીડિતાની મદદ માટે એક ટીમ હોસ્પિટલમાં મોકલવામાં આવી છે. એસિડને લઈને સરકારોના નબળા વલણ પર સવાલ ઉઠાવતા માલીવાલે કહ્યું કે 'દેશમાં એસિડ પર પ્રતિબંધ મૂકવા માટે પાંચ વર્ષોથી લડત ચલાવી રહી છે. સરકારો ક્યારે જાગશે?

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ ઘટના વિશે કહ્યું કે આ બિલકુલ સહન કરી શકાય નહીં. ગુનેગારોને આટલી હિંમત કેવી રીતે આવી? ગુનેગારોને કડકમાં કડક સજા મળવી જોઈએ. દિલ્હીમાં દરેક બાળકીની સુરક્ષા અમારા માટે મહત્વપૂર્ણ છે.

### રાજ્યમાં વાદળછાયું વાતાવરણ
# અમદાવાદ ,સાબરકાંઠા સહિતના જિલ્લામાં ઠંડા પવનો ફૂંકાયા,ખેડા અને ડાકોરમાં માવઠું

અમદાવાદ,તા.૧૪

રાજ્યના હવામાનમાં બે દિવસથી પલટો આવ્યો છે અને તેના કારણે ગુજરાતના વિવિધ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ તેમજ ઠંડા પવનોનો અનુભવ થઈ રહ્યો છે હવામાન વિભાગે જણાવ્યું હતું કે વેસ્ર્ટન ડિસ્ટર્બન્સની અસરથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વાદળછાયા વાતાવરણને કારણે હાલ તો ઠંડીમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ વાદળ હટી જતા ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક સુધી રાજયમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની શકયતાઓ સેવવામાં આવી રહી છે. તો સાબરકાંઠા જિલ્લામાં પણ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિતના શહેરોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળતા ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા. તો મધ્ય ગુજરાતમાં ડાકોર અને ખેડામાં માવઠું થયું છે તેને પરિણામે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

હાલમાં શાકભાજી સહિત જે ધાન્ય પાકો વાવેલા છે તેમાંથી રાજગરો, રાઈડો, તેમજ લીલા શાકભાજીની ઉપજને આ માવઠાથી નુકસાનની શક્યતા છે જેના પગલે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે. રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જમાવટ કરી રહ્યો છે ત્યારે મોડી સાંજથી ઠંડીનો અનુભવ થશે. તેમજ આગામી બે દિવસ વાદળ છાયું વાતાવરણ જોવા મળશે. તો આણંદમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૨૧ અનુભવાશે. જયારે અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. જ્યારે બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. તો ભરૂચમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તામ તાપમાન ૨૩ ડિગ્રી અનુભવાશે.દાહોદમાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૧૮ ડિગ્રી રહેશે. તો બોટાદનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જયારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી અનુભવાશે. જ્યારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૨૮ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે.સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકાનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી




અનુભવાશે. તો ગીર સોમનાથમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તામ તાપમાન ૨૪ ડિગ્રી અનુભવાશે. જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. જ્યારે કચ્છમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે.રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે. મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી રહેશે. જ્યારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે.

# સશસ્ત્ર દળમાં મહિલાઓની ઓછી સંખ્યાનો મુદ્દો સંસદમાં ચર્ચાયો, સંસદીય કમિટીએ ચિંતા વ્યક્ત કરી

નવીદિલ્હી,તા.૧૪

એક સંસદીય સમિતિએ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં મહિલાઓની ઓછી સંખ્યા પર નારાજગી વ્યક્ત કરી છે. માહિતી અનુસાર, સેન્ટ્રલ ઓર્મ પોલીસ ફોર્સની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮ ટકા મહિલાઓ છે. સમિતિએ નોંધ્યું કે ૨૦૧૬માં, સરકારે સીઆરપીએફ અને સીઆઈએસએફમાં કોન્સ્ટેબલ-સ્તરની ૩૩% પોસ્ટ મહિલાઓ માટે અને ૧૪-૧૫% બોર્ડર સિક્યુરિટી ફોર્સ, બીએસએફ,એસએસબી અને આઈટીબીપીમાં અનામત રાખવાનો નિર્ણય કર્યો હતો. સમિતિએ કહ્યું કે એ નોંધવું નિરાશ છે કે સીએપીએફની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮% મહિલાઓ છે.

ભાજપના રાજયસભાના સભ્ય બ્રિજલાલની આગેવાની હેઠળની ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે ગૃહ મંત્રાલય દ્વારા સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં મહિલાઓની ભરતીને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો છતાં મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે. સમિતિએ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે સીએપીએફમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે નક્કર પગલાં ભરવા જોઈએ.



ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં મહિલાઓ માટે તબક્કાવાર ભરતી અભિયાન ઝડપથી હાથ ધરવામાં આવી શકે છે. મંગળવારે રાજયસભામાં રજૂ કરવામાં આવેલા તેના અહેવાલમાં સમિતિએ જણાવ્યું હતું કે સરહદી ચોકીઓમાં અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પગલાં લેવા જોઈએ જેથી મહિલાઓ સુરક્ષા દળોમાં જોડાવા માટે પ્રેરિત થાય.

સમિતિએ એવી પણ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે મહિલાઓને સેનામાં જોડાવાથી રોકવાના કારણોને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ અને તેમની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે વ્યવહારુ ઉકેલો લાવવા જોઈએ. અહેવાલ જણાવે છે કે આવો એક ઉકેલ મહિલાઓને (ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં) તેમના વતન આસપાસ પોસ્ટ કરી શકે છે, જે તેમને આ દળોમાં જોડાવા માટે પ્રોત્સાહન તરીકે કામ કરશે અને બદલામાં તેમની ભાગીદારીમાં વધારો કરશે.

સમિતિએ કહ્યું કે હાલમાં ફિલ્ડમાં તૈનાત કર્મચારીઓને ૭૫ દિવસની રજા આપવામાં આવે છે. તેને વધારીને ૧૦૦ દિવસ કરવાનો પ્રસ્તાવ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમિતિનું માનવું છે કે મંત્રાલયે જવાનોના લાભ માટે આ પ્રસ્તાવને વહેલી તકે લાગુ કરવો જોઈએ. કમિટીએ એ પણ અવલોકન કર્યું છે કે સીએપીએફ ભારે દબાણ હેઠળ કામ કરે છે, કારણ કે તેમની ફરજોની પ્રકૃતિને કારણે કઠોર આબોહવાની પરિસ્થિતિઓમાં તેમની પોસ્ટિંગની જરૂર પડે છે.તેથી, તેમની માનસિક સ્થિતિને હળવી કરવા અને તણાવ ઘટાડવા માટે વાજબી સમયાંતરે રજા લેવી જરૂરી છે જેથી તેઓ તેમના પરિવાર સાથે સમય પસાર કરી શકે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પેનલે નોંધ્યું છે કે ગૃહ મંત્રાલય ઝછઁહ્ર કર્મચારીઓની રજા લંબાવવા પર વિચાર કરી રહ્યું છે.

# નેચરોપથી ડોક્ટર દીક્ષેશ પાઠક અને માધવી પાઠક એનીમલ હેલ્પલાઇનની મુલાકાતે આવ્યા

**પ્રાકૃતિક ચિકિત્સા સરળ, નિર્દોષ અને સ્વાવલંબી છે – મહાત્મા ગાંધીજી**
**રોગીની જેમ આવો અને યોગી બનીને જાવ - દીક્ષેશ પાઠક**
**આહાર જ ઔષધ છે – માધવી પાઠક**
**બેટર હેલ્થ બિગીન્સ વિથ નેચર**

નેચરોપથી ડોક્ટર દીક્ષેશ પાઠક અને માધવી પાઠક કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટની મુલાકાતે આવ્યા હતા. દીક્ષેશ પાઠક અને માધવી પાઠક રાજકોટમાં 'વિશ્વેશ ઈન્સ્ટીટયુટ ઓફ નેચરોપથી' ચલાવે છે. જ્યાં દર વર્ષે ઘણા વિદ્યાર્થીઓ તેમને ત્યાં ભણવા આવે છે. તેઓ નિ:શુલ્ક નેચરોપથી ચિકિત્સા આપે છે. તેઓએ એનીમલ હેલ્પલાઈનની મુલાકાત લઈ આહાર અને પ્રાકૃતિક ચિકિત્સાનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વર્તમાન સમયમાં નેચરોપથીમાં કેરિયર બનાવી શકાય છે કે નહિ તે વિષે ચર્ચાઓ કરી હતી.દીક્ષેશ પાઠક અને માધવી પાઠક એ જણાવ્યું હતું કે ૧૮ સપ્ટેબર, ૧૯૪૫નાં રોજ ઓલ ઈન્ડિયા નેચર કેર ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી હતી. જેનો ટ્રસ્ટડીડ બનાવવામાં આવ્યો જેમાં કાયમી પ્રેસિડેન્ટ તરીકે મહાત્મા ગાંધીજીને બનાવવામાં આવ્યા. આ કારણે દર વર્ષે ૧૮ નવેમ્બરે 'નેશનલ નેચરોપથી દિવસ' ઉજવાય છે. ગાંધીજીને કબજીયાતની ખુબ જ તકલીફ રહેતી હતી જે તેમણે નેચરોપથી થકી માટી ચિકિત્સા કરીને જ મટાડી હતી. ગાંધીજી ઈચ્છતા હતા કે નેચરોપથી દરેક ઘરમાં, દરેક સમાજ સુધી પહોંચે જેથી વ્યક્તિ પોતાના સ્વાસ્થ્યની જાતે રક્ષા કરી શકે. ગાંધીજીનાં આશ્રમ વાસીએ તેમને એક પુસ્તક આપ્યું જેનું નામ હતું 'રીટર્ન ટુ નેચર' જેના લેખક જર્મનીનાં અડોલ્ફ જુસ્ટ છે. ગાંધીજી જાણતા હતા કે પ્રાકૃતિક ચિકિત્સા સરળ, નિર્દોષ અને સ્વાવલંબી છે તેથી ગાંધીજીએ સૌપ્રથમ ઉરૂલી કાંચનમાં નેચરોપેથી સેન્ટરની સ્થાપના કરી ત્યારથી નેચરોપેથીનો પ્રચાર પ્રસાર થયો અને તેનો વ્યાપ વધ્યો. નેચરોપથીમાં એવું કહેવાય છે કે રોગીની જેમ આવો અને યોગી બનીને જાવ.

પ્રાકૃતિક ચિકિત્સા પાંચ તત્વો એટલે કે આકાશ, વાયુ, જળ, અગ્નિ, પૃથ્વી પર આધારિત છે. આ જ તત્વો બ્રહ્માંડમાં પણ વ્યાપ્ત છે અને માનવ શરીરમાં પણ વ્યાપ્ત છે. આ પાંચ તત્વોમાં જો વૃદ્ધિ થાય અથવા તો ક્ષય થાય તો માનવ શરીર સ્વસ્થ રહી શકતું નથી અને રોગીસ્ટ થઇ જાય છે. આમાં સામાન્ય ઈલાજ એવી રીતે છે કે જે તત્વ વધી ગયું હોત તેને ઓછું કરી દેવામાં આવે અને જે ઘટ્યું હોય તેને વધારવામાં આવે છે. બ્રહ્માંડમાં જ ઉપલબ્ધ આ પાંચ તત્વોની પુરતી કરો એટલે શરીર સ્વસ્થ થઇ જાય છે.

પ્રાકૃતિક ચિકિત્સામાં કોઈ પણ પ્રકારની દવાઓ હોતી નથી. પ્રકૃતિનાં જ તત્વોથી માટી ચિકિત્સા, જળ ચિકિત્સા, સૂર્ય ચિકિત્સા, રંગ ચિકિત્સા, આસન, પ્રાણાયામ, ષટકર્મ, ઉપવાસ દ્વારા વાત, પિત્ત અને કફને બેલેન્સ કરી રોગ મટાડવામાં આવે છે. પ્રાકૃતિક ચિકિત્સામાં તમામ તત્વો સર્વરોગહારી છે તેથી જો કોઈ પણ એક જ તત્વની ચિકિત્સા કરવામાં આવે છે તો પણ રોગ સંપૂર્ણપણે મટાડી શકાય છે. પ્રાકૃતિક ચિકિત્સામાં એવું કહેવામાં આવ્યું છે કે આહાર જ ઔષધ છે. આહારથી જ માણસની જીવન શૈલી અને તેના વિચારો ઘડાય છે. પ્રાકૃતિક ચિકિત્સામાં પ્લાન્ટ બેઝ્ડ શાકભાજી અને ફળો ખાવાની વાત કરવામાં આવે છે.

નેચરોપથીમાં ખોરાકને સાત્વિક, રાજસિક, તામસિક અને એસીડીક, આલ્કલાઈન ખોરાક તરીકે જુદા પાડવામાં આવે છે. પ્રાકૃતિક ચિકિત્સામાં એવું કહેવામાં આવે છે કે શરીરમાં રોગ ત્યારે આવે છે જયારે શરીરમાં બિનજરૂરી પદાર્થો એકઠા થઈ જતા હોય છે. જેને વિજાતીય દ્રવ્યો કેહવામાં આવે છે. આ સ્વસ્થ શરીર માટે હાનિકારક છે. માણસનું શરીર ઈશ્વરે એવું બનાવ્યું છે કે જાતે જ સ્વસ્થ થઇ જાય છે. એંસી ટકા આલ્કલાઈન ફૂડ અને વીસ ટકા એસીડીક ફૂડ લેવામાં આવે તો શરીરમાં કોઈ રોગ આવતો નથી. નેચરોપથી એક અહિંસક ચિકિત્સા પદ્ધતિ છે. તેમાં માંસાહારનો નિષેધ છે. જે લોકો માંસાહાર કરે છે તે લોકો પોતાનું આયુષ્ય પુરા ૧૫ વર્ષ ઓછુ કરે છે. માનવનાં દાંત, નખ અને શરીરની અંદરના અન્ય અંગો







આંતરડા, જઠર પરથી એવું સમજી શકાય છે કે માનવ શરીર માંસાહાર કરવા માટે યોગ્ય નથી.

વર્તમાન સમયમાં નેચરોપથીમાં કેરીયર બનાવવાની ઉજ્જ્વળ તકો છે તેના વિષે પણ પાઠક સર અને માધવી મેડમે વાત કરી હતી. પ્રાકૃતિક ચિકિત્સા અંગે વધુ માહિતી મેળવવા, પ્રાકૃતિક ચિકિત્સા મેળવવા વિશ્વેશ ઈન્સ્ટીટયુટ ઓફ નેચરોપથી (મો. ૯૮૨૫૦ ૭૭૦૨૩)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

પ્રાકૃતિક ચિકિત્સા સરળ, નિર્દોષ અને સ્વાવલંબી છે – મહાત્મા ગાંધીજી

રોગીની જેમ આવો અને યોગી બનીને જાવ - દીક્ષેશ પાઠક

આહાર જ ઔષધ છે – માધવી પાઠક

બેટર હેલ્થ બિગીન્સ વિથ નેચર

# દિવ્યાંગજન માટે "વિના મુલ્યે કૃત્રીમ હાથ" નો કેમ્પ

ઇનાલી ફાઉન્ડેશન - પુના ના સહયોગ થી રોટરી ક્લબ ઓફ રાધનપુર'અને 'ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા ના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ગુજરાત ના લાભાર્થી માટે હાથની જરૂરિયાતમંદ દિવ્યાંગજન માટે કૃત્રીમ હાથના કેમ્પનું આયોજન ધોળકા રાખવાનું છે તો જરૂરિયાતમંદ લાભાર્થી એ કોણી થી નીચે કપાયેલ હાથનો ફોટો, આધાર કાર્ડ ની કોપી, અને મોબાઈલ નંબર વોટ્સ અપ દ્વારા મોક્લી આપવાનો રહેશે અને નીચે આપેલ નંબર પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. શ્રી ભાવિન પરમાર (પ્રમુખ, ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા) ૯૯૭૪૦૮૮૮૦૨ / ૮૭૮૦૭૫૨૩૨૬ ,રોટે. મહેશ રાઠોડ ૯૯૨૫૩૦૯૬૯૦ રોટે.કલ્પેશ ઠક્કર ૯૮૭૯૧૨૪૪૧૫ નંબર પર નામ નોંધાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન કરાવેલ લાભાર્થીને કોલ કરી કેમ્પનું સ્થળ અને તારીખ કહેવામાં આવશે.

નોંધ - રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૦/૧૨/૨૦૨૨ છે લાભાર્થીઓએ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

# ચાણસ્મા ખાતે પરિવાર દર્શનાર્થે ગયો અને તસ્કરો ખાતર પાડી ગયા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો, ધીરે ધીરે શિયાળાની ઋતુ શરૂ થતા ની સાથે જ સમગ્ર પાટણ જિલ્લામાં તસ્કરો સક્રિય થયા છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ જી ઈ બી ની પાછળ ના ભાગે આવેલ પ્રભુ કૃપા સોસાયટી ની અંદર પરિવાર ચોટીલા દર્શનાર્થે ગયો હતો ત્યારે તસ્કરો રૂપિયા એક લાખ ૧૧ હજારનો મુદ્દામાલ ની તસ્કરી કરી રફુ ચક્કર થઈ ગયા હતા.

મળતી વિગતો મુજબ શિયાળાની ઋતુમાં અનેક જગ્યાએ તસ્કરો દ્વારા બંધઘરોમાં તેમજ વિવિધ દુકાનોમાં હાથ ફેરો કરતા હોય છે ત્યારે બે દિવસ પહેલા જ ચાણસ્મા તાલુકાના જીતોડા ગામે અગાઉ થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે ત્યારે આજરોજ ચાણસ્મા ખાતે આવેલી પ્રભુ કૃપા સોસાયટીમાં રહેતા સચિન કુમાર રાજુજી ઠાકોરના મમ્મી પપ્પા ચોટીલા ગામે દર્શનાર્થે ગયેલા હતા ત્યારે સચિન ભાઈ ઠાકોર ઘરે એકલા હતા ત્યારે રાતના સમય બાજુમાં આવેલ હોલની અંદર સુવા માટે ગયેલ હોય ત્યારે રાત્રિના અંધારાનો લાભ લઈ કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા ઘરનો દરવાજો તોડી તલવાર કિંમત રૂપિયા ૧૦૦૦, સોનાની ચેન વજન આશરે એક તોલાની કિંમત રૂ ૩૦૦૦૦ હજાર, તથા સોનાનું વોકેટ સવા તોલાનું કિંમત રૂપિયા ૧૦૦૦૦ હજાર, ચાંદીની લકી નંગ બે કિંમત રૂ ૫૦૦૦, ચાંદીની શેરો એક જોડી નંગ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા રોકડ રૂપિયા ૧૦૦૦૦ મળી કુલ કિંમત ?૧,૧૧,૦૦૦ ની ચોરી કરી પલાયન થઈ જવા પામ્યા હતા.

જેની જાણ મકાન માલિક ને ચોટીલા થી દર્શનાર્થ કરી ફરતા ફરતા જાણ થતા જ તેમના પગ નીચેથી ધરતી ખસી જવા પામી હતી તેમજ તાબડ તોડ ચાણસ્મા પોલીસ મથકે જાણ કરાતા ચાણસ્મા પોલીસ મથકના પીઆઈ આર એમ વસાવા સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી તસ્કરોને ગોતવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ભૂવાઓએ ભેગા મળી પરિવાર પાસેથી લાખો રૂપિયા ખંખેર્યા, ૮૨ વર્ષ અગાઉ તમારા ઘરે માતા મૂકી છે

પાલનપુર,તા.૧૪

આજના આધુનિક જમાનામાં પણ સતત આદીવાસી અને આંતરિયાળ વિસ્તારમાં અંધશ્રદ્ધાના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે. ધાનેરા પંથકમાંથી આવો જ એક અંધશ્રદ્ધાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ધાનેરાના ગોલા ગામે અંધશ્રદ્ધામાં પરિવારના લાખો રૂપિયા લૂંટાયા છે. થરાદના ૫ ભૂવાઓએ ભેગા મળીને પરિવારના બે ભાઈઓ ને તેમના દુખો દુર કરવાની લાલચ આપી આપીને તેમની પાસેથી ૩૫ લાખ રોકડા અને ૧.૭૦ લાખની ચાંદીની સેરવી લીધા હતા. ભૂવાઓએ પરિવારના દુખનો લાભ લઈને તેમને વિશ્વાસમાં લીધો હતો. તેમણે પરિવારને કહ્યું હતું કે ૮૨ વર્ષ અગાઉ તમારા ઘરે માતા મૂકી છે તમારે ચેહર માતાની બાધા રાખવી પડશે તેમ કહેતા પરિવાર ભૂવાઓની વાતમાં આવી હતો. પરિવારને થોડા સમય માટે સારુ થઈ જતાં પરિવાર ભોળવાઈ ગયો હતો. દુઃખથી બચવા ભૂવાઓએ પરિવારને એક રૂપિયાથી એક કરોડનું ખર્ચ થશે તેમ કહી ગેરમાર્ગે દોરતા પરિવારના બે ભાઈઓએ ૧.૭૦ લાખની ચાંદીની પાટો અને ૩૫ લાખ રૂપિયા ઉછીના લાવી ભુવાઓને આપ્યા હતા. પરંતુ થોડા સમય બાદ પરિવારને છેતરાયો હોવાની જાણ થતાં પીડિત ભાઈઓએ ધાનેરા પોલીસ મથકે વિધિનો વીડીયો આપી થરાદ અને ધાનેરાના ૫ ભૂવાઓ વિરૂધ્ધ ફરિયાદ અરજી આપી હતી. જેના આધારે ધાનેરા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે. ધાનેરા પંથકમાં અંધશ્રદ્ધાનો એક વરવો કિસ્સો બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.ધાનેરા અને થરાદના ૫ ભૂવાઓએ ભેગા મળીને ધાનેરા તાલુકાના ગોલા ગામના બે ભાઈઓને બાધા રાખી દુઃખો દૂર કરવાની લાલચ આપી જાળ બિછાવી ફસાવી દીધા હતા. બાદમાં દુઃખથી બચવા એક રૂપિયાથી એક કરોડ સુધીનો ખર્ચ થશે એમ જણાવી બંને ભાઈઓ પાસેથી ૩૫ લાખ લઈ લીધા હતા. જોકે છેતરાઈ ગયા હોવાનું ધ્યાને આવતા વિધિ દરમિયાન ઉતારેલો વીડિયો પોલીસને આપી આરોપીઓને ઝડપી પાડવા પોલીસને અરજી આપી છે.

# જી.સી.સી.આઈ. દ્વારા ગૌ આધારિત દંત મંજન અને મચ્છર અગરબત્તી નિર્માણ માટે રવિવારે ઓનલાઈન પ્રશિક્ષણ વેબીનારનું આયોજન

**ડો. વલ્લભભાઈ કથીરિયા, અંકિત કાલે, લક્ષ્મી ઠાકરે, પુરીશ કુમાર , અમિતાભ ભટ્ટનાગર તથા મિતલ ખેતાણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.**



ગૌ ઉદ્યોગ ક્રાંતિ ગૌ ઉત્પાદકોને ખૂબ આર્થિક લાભ આપી રહી છે. તેમાં સ્વસ્થ અને સમૃદ્ધ ભારત સાથે 'આત્મનિર્ભર ભારત' બનાવવાની વિશાળ ક્ષમતા પણ છે. ગાય ઉત્પાદનોનું નિર્માણ અને તેનો ઔદ્યોગિક ઉપયોગ વૈશ્વિક પર્યાવરણને અનુકૂળ અને વિકાસને સુનિશ્ચિત કરી શકે છે. જી.સી.સી.આઈ (ગ્લોબલ કંફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ) એ ગાય સંબંધિત વિવિધ પરિમાણો પર કામ કરવા માટે ૩૩ વિભાગો બનાવ્યા છે. રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા જી.સી.સી.આઈનાં સંસ્થાપક છે. વિશ્વ સમક્ષ સંશોધન કરીને હકીકતો રજૂ કરવા માટે જી.સી.સી.આઈ એ આધુનિક અભિગમ અને ટેકનોલોજી સાથે ભારતીય ગાય અને તેના દૂધ તેમજ પંચગવ્ય પર સંશોધન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જી.સી.સી.આઈ – ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ગૌ આધારિત દંત મંજન અને મચ્છર અગરબત્તી નિર્માણ માટે ઓનલાઈન શિક્ષણ આપવા વેબીનારનું આયોજન તા. ૧૮ ડિસેમ્બર , રવિવારનાં રોજ સવારે ૧૧ -૦૦ વાગ્યાથી કરવામાં આવ્યું છે.

જેમાં ડૉ. વલ્લભભાઈ કથીરિયા, અંકિત કાલેજી, લક્ષ્મી ઠાકરેજી (ગૌ વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર ,દેવલાપર, નાગપુર) પુરીશ કુમાર , અમિતાભ ભટ્ટનાગર તથા મિતલ ખેતાણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રશિક્ષણનું આયોજન ગૂગલ મીટ પર કરવામાં આવ્યું છે.

જેનાં માટેની લિંક : https://me[a].google.com/sys-kfzg-fin છે. પ્રશિક્ષણ વેબીનારમા સૌને જોડાવવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. ગૌ સાહસિકતાના આ પુણ્ય કાર્યમાં સહભાગી થવા અને આ કાર્યક્રમને સફળ બનાવવા ગૌશાળાઓ અને ગૌ ઉદ્યોગ સાહસિકોને આ તાલીમ કાર્યક્રમમાં સાથે જોડવા ય્ઝઝ્રૈં (ગ્લોબલ કંફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ) દ્વારા વિનંતી કરવામાં આવી છે.

જેથી ગૌપાલકોની આવકમાં વધારો થાય અને ગૌશાળા/પાંજરાપોળને સ્વાવલંબી બનાવી શકાય. આ અંગેની વધુ માહિતી માટે GCCIનાં પુરીશ કુમાર (મો. ૮૮૫૩૫ ૮૪૭૧૫) , મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), અમિતાભ ભટ્ટનાગર (મો. ૮૦૭૪૨ ૩૮૦૧૭) તથા નીરજ (મો. ૮૩૦૮૬૯૪૫૦૯)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગુજરાતમાં મહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો : સર્વેમાં ખુલાસો

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ ભાજપે આસાનીથી જીતી લીધી. રેકોર્ડ બ્રેક જીત સાથે ભૂપેન્દ્ર પટેલે બીજી વખત મુખ્યમંત્રી પદના શપથ પણ ગ્રહણ કરી લીધા. ચૂંટણી પહેલાં ચર્ચાઓ થતી હતી કે એન્ટીઈક્મ્બન્સી, ભાજપમાં અંદરખાને નારાજગી, આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી ભાજપને નુકસાન થશે પરંતુ ચૂંટણી પરિણામ તદ્દન ઉલટું આવ્યું અને ઐતિહાસિક જીત સાથે ભૂપેન્દ્ર પટેલે ફરી ગુજરાત જીતી લીધું .ભાજપની સુનામી સામે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સારું પ્રદર્શન ના કરી શકી, પરંતુ કોંગ્રેસ અને ભાજપ માટે ગ્રામીણ અને શહેરી સમર્થનનું વલણ આ ચૂંટણીઓમાં પણ જોવા મળ્યું હતું. નબળાં પરફોર્મન્સ છતાં કોંગ્રેસ શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં વધુ મત મેળવવામાં સફળ રહી. નોંધનીય છે આમ આદમી પાર્ટી શહેરી મતદારોને જ આકર્ષી શકશે તેવી માન્યતા હતી, જો કે ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં એક સમાન મત મેળવી આ ભ્રમ તોડી નાખ્યો. આમ આદમી પાર્ટીનો વોટ શેર ૧૩% કરતાં ઓછો હતો છતાં તેનો આધાર વધુ-ઓછા પ્રમાણમાં સમાનરૂપે ફેલાયેલો છે. આમ આદમી પાર્ટીને ગ્રામીણ વિસ્તારોમાં ૧૩.૨% મત મળ્યા જ્યારે શહેરી વિસ્તારોમાં ૧૨.૭% મત મળ્યા હતા. એજ રીતે કોંગ્રેસ ગ્રામીણ વિસ્તારોમાં ભાજપથી ૧૭% પાછળ છે, પરંતુ શહેરી વિસ્તારોમાં ભાજપનો વોટશેર કોંગ્રેસના વોટશેર કરતા બમણો છે. શહેરી વિધાનસભા બેઠકો પર ભાજપ ૫૮.૨% મત મેળવવા સફળ રહી જ્યારે કોંગ્રેસ માંડ ૨૩.૯% વોટ મેળવી શકી. સ્પષ્ટપણે, માત્ર ભાજપે નોંધપાત્ર જીત જ નોંધાવી ન હતી, પરંતુ તેણે ગુજરાતના શહેરી મતદારોમાં તેનું વિશાળ વર્ચસ્વ ચાલુ રાખ્યું હતું.

લોકનીતિ સીએસડીએસના ચૂંટણી પછીના સર્વેમાં જાણવા મળેલી માહિતી મુજબ છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતનો સત્તાધારી પક્ષ ભાજપને ૫૧% મહિલાઓ મતદારોનું સમર્થન મળ્યુ હતુ જ્યારે ૫૪% પુરુષ મતદારોનું સમર્થન મળ્યું હતું, આમ ભાજપને ૩% લિંગ ગેરલાભ જોવા મળ્યો. ભાજપને તેના એકંદર વોટ શેરની સરખામણીએ મહિલાઓ તરફથી નજીવો ઓછો ટેકો મળ્યો હતો. આમ, ભાજપની જીતમાં પુરુષોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

બીજી તરફ કોંગ્રેસ-એનસીપી ગઠબંધનને પુરુષ કરતાં મહિલાઓનું ૩% વધારે સમર્થન મળ્યું છે. આ ઉપરાંત તેના એકંદર વોટશેરની સરખામણીએ ગઠબંધનને મહિલાઓ દ્વારા ૨% વધુ ટેકો મળ્યો.

# એનીમલ હેલ્પલાઈન દ્વારા મકરસંક્રાતિ નિમીતે ચાઈનીઝ દોરા-ચાઈનીઝ તુકકલના વેંચાણ અને સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ કરવા મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરાઈ



ગુજરાત રાજય સરકાર દ્નારા ગુજરાત રાજયનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં અને તમામ આ વ્યવસાય સાથે જોડાયેલ વેપારી મંડળોમાં જાગૃતિ આવે તેમજ કાયદાકીય ગંભીરતા—જવાબદારી આવે તેમજ વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા તેમજ આખા ગુજરાતમાં જાહેરનામું બહાર પડે તેમજ તેનું કડક અમલીકરણ થાય તેવી મુખ્યમંત્રીશ્રીની સાથોસાથ આ રજૂઆત પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાને ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના માનદ સલાહકાર મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગ રમેશભાઈ ઠકકર, પારસભાઈ મહેતા સહિતની ટીમે રજૂઆત કરી છે.

એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની ગાઈડ લાઈન અને કેન્દ્રીય ગ્રીન ટ્રીબ્યુનલનાં નિર્દેશ અનુસાર દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્કાય લેન્ટર્ન ચાઈનીઝ તુકકલનાં વેચાણ, સંગ્રહ અને ઉડાવવા પર તાત્કાલિક સમગ્ર ગુજરાતમાં પ્રતિબંધ મુકવા એનીમલ હેલ્પલાઈન દ્વારા મકરસંક્રાતિ નિમીતે ચાઈનીઝ દોરા—ચાઈનીઝ તુકકલના વેંચાણ અને સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ કરવા મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરાઈ છે. તેમજ મુખ્યમંત્રીશ્રીની સાથોસાથ આ રજૂઆત પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાને પણ રજૂઆત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં દર વર્ષે મકરસક્રાંતિના પવિત્ર દિવસે કાતીલ ચાઈનીઝ દોરાથી અનેક લોકોનાં ગળા કપાઈ જાય છે જેના લીધે રાજયમાં મૃત્યુ નિપજવાના ઘણા બનાવો બને છે. તેમજ લાખો પક્ષીઓની પાંખ પણ કપાઈ જાય છે, મૃત્યુ પામે છે. પાંખ કપાઈ જવાથી કુદરતના ખોળે મુકત રીતે વિહરતા નિર્દોષ પક્ષીઓ આજીવન ઉડી શકતા નથી. ઘણા વર્ષોથી ચાઈનીઝ દોરાનાં વેંચાણ, સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેમજ ચાઈનીઝ તુકકલ, સ્કાય લાલટેન પર પણ પ્રતિબંધ મુકાય છે. ચાઈનીઝ તુકકલથી પણ આગનાં ઘણા બનાવો બન્યા છે જેના લીધે લોકોના જાનમાલને વ્યાપક પ્રમાણમાં નુકશાન થાય છે.

# આપનાં ધારાસભ્ય ભૂપત ભાયણીએ લોકોની માની વાત, 'હું આપમાં જ છું ક્યાંય નથી જવાનો'

જૂનાગઢ,તા.૧૪

આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભા બેઠકનાં વિજેતા ઉમેદવાર ભૂપત ભાયાણી ભાજપમાં જોડાય તેવી અટકળો વહેતી થઈ હતી. શપથ વિધિ પહેલાં આપનાં ધારાસભ્યના પક્ષપલટાની ચર્ચાએ રાજકીય માહોલ ગરમાયો હતો. જોકે, ભૂપત ભાયાણીએ મીડિયા સમક્ષ આવીને આ વાતને નકારી હતી. તેમણે પહેલા એવું પણ કહ્યુ હતુ, કે મારી જનતા જે કહેશે તેમ કરીશ. તો તેમણે વિસાવદરની જનતા સાથે પણ આ અંગેની વાત કર્યા બાદ મીડિયા સામે આવીને જણાવી દીધું હતું કે, હું આમ આદમી પાર્ટીમાં જ છું અને ત્યાં જ રહીશ. હું કોઈપણ અન્ય પાર્ટીમાં જવાનો નથી. જ્યારે મતદારોએ જનાદેશ કરતા સંભળાવી દીધું હતુ કે, તમારે તમારા પાંચ વર્ષ પહેલા ક્યાંય નથી જવાનું. 'હું આપમાં જ છું'

તેમણે સ્પષ્ટ વાત કરતા જણાવ્યું હતુ કે, 'મારી વિશે જે પણ અફવાઓ ચાલતી હતી કે, ભૂપતભાઈ ભાજપનો ખેસ પહેરશે. ત્યારે હું સ્પષ્ટપણે જણાવું છું કે હું આમ આદમી પાર્ટીમાં જ છું અને ત્યાં જ રહીશ. હું કોઈપણ અન્ય પાર્ટીમાં જવાનો નથી. મારા વિસ્તારનાં ગામોનાં વિકાસનાં કામો કઇ રીતે ઉત્તમ ગુણવત્તામાં થઈ શકે તે કરીશ. આ સાથે સામાજીક ક્રાંતિ કઇ રીતે કરી શકું, મારા વિસ્તારની દરેક સમાજની પિતા વગરની દીકરીઓને કન્યાદાન કરીને સાસરે મોકલું, વિધવાબહેનોને આત્મ નિર્ભર કરું અને તમામ જનતાની સેવા વધુમાં વધુ કઇ રીતે કરું તે સિવાયનો મારો કોઈ એજન્ડા નથી.'આપમાંથી ચૂંટાયેલા ભૂપત ભાયાણી સામે મતદારોનો ભારે રોષ છવાયો હતો. તેમને ધારાસભ્યને પારખું જણાવી દીધું હતુ કે, તમારે પાંચ વર્ષ સીધું ક્યાંય નહીં જાવ. મળતી માહિતી પ્રમાણે, મતદારોએ ધારાસભ્ય પાસેથી વચન પણ લઈ લીધું કે, તમે ક્યાંય નહીં જાવ. એક મતદારે તો એવું પણ કહી દીધું કે, તમે અન્ય પાર્ટીમાં જોડાવાના નથી એવું કહી દો એટલે અમે શાંતિથી સૂઈ શકીએ.

આ પહેલા પણ આપના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ મીડિયા સાથેની વાતમાં જણાવ્યુ હતુ કે, હજુ ભાજપમાં જોડાવવાનો કોઈ એવો નિર્ણય કર્યો નથી. આ વાત અફવા છે. મને પાટીલ અને પીએમ મોદીએ શુભકામના આપી છે. જેનો અર્થ એમ નથી કે હું તેમની સાથે છું. આ ઉપરાંત તેમણે જમાવ્યુ કે, મારી જનતા, ખેડૂતોને કહેશે તે પ્રમાણે નિર્ણય કરીશ. હું જોડવવાનો છું એવું હજુ સ્પષ્ટ નથી. મારે હજી મારી જનતાને મળવાનું બાકી છે. મારી જનતા જે કહેશે એ પ્રમાણે નિર્ણય કરીશ. આ ઉપરાંત તેમણે વિજયભાઈ રૂપાણી સાથેનાં સંબંધ અંગે જણાવ્યુ હતુ કે, અમારો વિજય રૂપાણી સાથે પરિવાર જેવા સંબંધો છે. જેનો અર્થ એવો નથી કે, મને ભાજપનું સમર્થન છે. મારી જનતા કહેશે તે પ્રમાણે નિર્ણય કરીશ.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે નવી સરકારના કાર્યારંભે જ અમદાવાદ મહાનગર અને ઔડા વિસ્તારને આપી મહત્વપૂણ 'ભેટ




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવી સેવા દાયિત્વ સંભાળી રહેલી તેમની નવી સરકારના કાર્યારંભે જ અમદાવાદ મહાનગર અને ઔડા વિસ્તારને ૪૦.૩૬ કરોડ રૂપિયાના મહત્વપૂર્ણ લોકહિત કાર્યની વિકાસ ભેટ આપી છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ 'ઔડા'દ્વારા એસ.પી. રિંગરોડ ઉપર વૈષ્ણોદેવી જંકશન પર નવનિર્મિત અંડર પાસનું મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કર્યુ હતું.

નવી સરકારનો પ્રથમ જાહેર કાર્યક્રમ સરદાર ધામ પરિસરમાં સરદાર પ્રતિમાના ચરણોમાં યોજાયો છે તેનું ગૌરવ સ્મરણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ સરકાર પ્રજાના પ્રશ્નોને પ્રાયોરિટી આપી તેના નિવારણ માટે સદૈવ કર્તવ્યરત રહેશે તેવી પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક બની, નેક બની જે વિકાસ કાર્યો આપણે કર્યા છે, તેના પરિણામો તાજેતરની ચૂંટણીમાં જોવા મળ્યા છે. આટલો વ્યાપક જનાધાર મળતા સરકારની જવાબદારી વધી જાય છે, ગુજરાતની જનતાએ અમારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેને લાંબા સમય સુધી ટકાવી રાખવા અને આ વિશ્વાસને વધુ મજબૂત કરવાની શરૂઆત આજથી જ કરી દીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકાસની રાજનીતિથી જ ચૂંટણીઓ જીતી શકાય એવી પરિપાટી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરી દીધી છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ છેવાડાના માનવી સહિત સૌના સાથ, સૌના વિકાસની નેમથી ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાની જે નેમ રાખી છે તેમાં વિકસીત ગુજરાતના નિર્માણથી આપણે લીડ લેવાની છે.

તેમણે કહ્યું કે, આદરણીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના સંસદીય મત ક્ષેત્રમાં આ વિકાસ કાર્યનું લોકાર્પણ વિશેષ આનંદની વાત છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ તેમના આ સંસદીય મતવિસ્તારને ભારતનો સર્વશ્રેષ્ઠ અને વિકસીત વિસ્તાર બનાવવાની નેમ રાખી છે.

દેશના ગૃહમંત્રી તરીકે સમગ્ર દેશની જિમ્મેદારી છતાં પણ લોકસેવક તરીકેની જવાબદારી શ્રી અમિતભાઈ શાહ ક્યારેય વિસર્યા નથી. તેમની આદર્શ લોકપ્રતિનિધિ તરીકેની કાર્યપદ્ધતિ અનુકરણીય છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ઔડાના ચેરમેનશ્રી એમ.થેન્નારસને સ્વાગત પ્રવચનમાં આ નવનિર્મિત અંડરપાસની વિગતો આપતા જણાવ્યું હતું કે, કુલ રૂ. ૪૦.૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલા આ અંડરપાસની લંબાઈ ૭૨૦ મીટર અને પહોળાઇ ૨૩ મીટર (૬ લેન) (૧૧×૨ મીટર કેરેજ વે) છે. અંડરપાસની આર.સી.સી. દીવાલ ૫૩૬ મીટર લંબાઈ (૨૬૮ મીટર ૨૬૮ મીટર) ધરાવે છે જયારે આર.સી.સી. બોક્સની લંબાઈ ૭૦ મીટર છે.આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશ પંચાલ, મણીનગરના ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ, દરિયાપુરના ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, દસક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, નારણપુરાના ધારાસભ્ય શ્રી જીતેન્દ્ર પટેલ, વેજલપુરના ધારાસભ્યશ્રી અમિત ઠાકર, સાબરમતીના ધારાસભ્ય ડો. હર્ષદ પટેલ, અસારવાના ધારાસભ્ય શ્રી દર્શનાબેન વાઘેલા, ઠક્કરબાપાનગરના ધારાસભ્ય શ્રી કંચનબેન રાદડિયા, નરોડાના ધારાસભ્ય શ્રી ડો. પાયલ કુકરાણી, બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશ કુશવાહ, વટવાના ધારાસભ્ય શ્રી બાબુસિંહ જાદવ, અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી ડો. હસમુખભાઈ પટેલ , અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર અને ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા અને રજની પટેલ, ઔડાના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડી.પી.દેસાઈ, AUDA અને AMCના સભ્યો-અધિકારીઓ - પદાધિકારીઓ, સરદારધામના સંચાલકગણ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

# વડોદરા નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માતઃ ૪ લોકોના ઘટનાસ્થળે મોત

વડોદરા,તા.૧૪

આજે વહેલી સવારે વડોદરા નજીક જરોદ ચોકડી પાસે કાર અને લેલન ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત થયા હતા. જ્યારે ૫ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ જરોદ પોલીસ અને એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસ અને એનડીઆરએફની ટીમે રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધર્યું હતું. અકસ્માતને લઈને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજસ્થાનનો અને હાલમાં સુરતમાં રહેતો પરિવાર પાવાગઢ મહાકાળી માતાના દર્શન કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે તેને વડોદરા નજીક જરોદ ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. જરોદ ચોકડી પાસે જીંફ કાર અને લેલન ટ્રક વચ્ચે અકસ્માત સજાર્યો હતો. અકસ્માતમાં SUV કાર કન્ટેનરની પાછળ ઘૂસી ગઈ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.